# વાયડામિત્ર

વર્ષ ૧૦૨, એપ્રિલ- ૨૦૨૪, અંક ૪
R.N.I No.: 6316 / 57
કિંમત રૂ. 30/- (વાર્ષિક)



Sketch by Khushi Kaushik Parikh

*With best Compliments From*

# SHREE VAYAD GROUP OF COMPANIES










**Shree Vayad Construction Corporation, Mumbai**

**Shree Samirinandan Projects Pvt.Ltd., Mumbai**

**Shree Vayad Developers, Nasik.**

**Shree Vayad Engineering, Nasik**

**Shivshakti Construction, Amravati**

Trupti Rajendra Shah
Rahul Shah

Bipin Shah
Geeta Shah
Dhaval Shah

Jitendra Shah
Sunita Shah

7, Badeshwar Building. Opp. One up Store, Rajawadi, M.G. Road, Ghatkopar (East),
Mumbai 400 077. Tel : +91 22 21027687 E-mail : shreesamirinandan@gmail.com

શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટ સંચાલિત વૈશ્વિક જ્ઞાતિ સમાચારપત્ર

# વાયડામિત્ર

પ્રકાશન પ્રારંભ વર્ષ સંવત-૧૯૭૭ માસ : મહા - માર્ચ, ઈ.સ. ૧૯૨૧

એપ્રિલ ૨૦૨૪, પ્રત-૧૧૨૬, વર્ષ-૧૦૨, અંક-૪

## શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટ

E-mail : vayva95@gmail.com

www.vayvaset.in

### સંચાલક ટ્રસ્ટી મંડળ

| | | |
|---|---|---|
| શ્રી શશાંકભાઈ આઈ. શાહ | અમદાવાદ | પ્રમુખ અને ટ્રસ્ટી |
| શ્રી ધીરેનભાઈ કે. પરીખ | અમદાવાદ | ઉપપ્રમુખ અને ટ્રસ્ટી |
| શ્રી સુનીલભાઈ આર. શાહ | અમદાવાદ | ઉપપ્રમુખ અને ટ્રસ્ટી |
| શ્રી વ્રજેશભાઈ એન. પરીખ | અમદાવાદ | માનદ્ મંત્રી અને ટ્રસ્ટી |
| શ્રી મેહુલભાઈ એસ. શાહ | અમદાવાદ | માનદ્ ખજાનચી અને સહમંત્રી |
| શ્રી રમેન્દ્રભાઈ જે. પરીખ | અમદાવાદ | ટ્રસ્ટી |
| શ્રી કિરણભાઈ એસ. શાહ | વડોદરા | ટ્રસ્ટી |
| શ્રી શરદભાઈ પી. શાહ | મહેસાણા | ટ્રસ્ટી |
| શ્રી જીતેન્દ્રભાઈ બી. શાહ | મુંબઈ | ટ્રસ્ટી |

**માનદ્ તંત્રી અને પ્રકાશક : શ્રી શ્રેણીકભાઇ એન. પરીખ**

બી-૭, શ્રી સિદ્ધિ ડુપ્લેક્ષ, એપોલો હોસ્પિટલ સીટી સેન્ટર પાસે,

પરિમલ ગાર્ડન નજીક, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૦૬.

ફોન નં.: ૯૭૨૪૪૪૮૧૪૯ (સાંજે ૭.૦૦ પછી) ઈમેઈલ : snp4758@gmail.com

**વ્યવસ્થાપક : હર્ષ નિખિલ પરીખ**

૨૧-એ, જય જિનેન્દ્ર ટાવર, અંકુર સ્કૂલની સામેના ખાંચામાં,

જૈન મર્ચન્ટ સોસાયટી પાસે, પાલડી, અમદાવાદ - ૩૮૦૦૦૭

Mobile (What's app only) : ૯૪૨૭૯ ૫૪૯૬૮ ઈ-મેઈલ : hnparikh98@gmail.com

**મેમ્બરશીપ લવાજમ**

**ભારતમાં:** રૂા.૩૦/-(સામાન્ય), રૂા.૧૦૦૧/-(આજીવન), રૂા.૨૫૦૧/-(પેટ્રન), **વિદેશમાં** : રૂા. ૫૦૦૧/-

### આ અંકમાં ...

શું વ્યર્થ, શ્રી ખેરાળુજીનું બેઠક ચરિત્ર, આપણી ઈન્સ્ટન્ટ ઘેલછા,
ત્યાગ એ જ સુખ, મોરપીંછની કૃષ્ણયાત્રા, શું છે આ મૃત્યુ ?,
સરળતા, ભાવતી મીઠી ખીર, પ્રસન્નતા.

સ્વ. મધુકરભાઈ પોપટલાલ શાહ (અમદાવાદ) પરિવારના જય શ્રી કૃષ્ણ.

# શું વ્યર્થ

વિવેક વગરની લક્ષ્મી,
ગુણ વગરનું રૂપ,
શ્રદ્ધા વગરની સેવા,
મન વગરનો મેળાપ.

મીઠાશ વગરનો સંબંધ,
આચરણ વગરનો સંબંધ,
આચરણ વગરનો ઉપદેશ,
સમજણ વગરનું ડહાપણ.

મૂર્ખ ને શીખામણ,
દુરાચારીની દોસ્તી,
ગોળ વગરનો કંસાર,
મા વગરનો સંસાર.


સંસ્કાર વગરના સંતાન,
જ્ઞાન વગરની ગમ્મત,
તૈયારી વગરનો પ્રવાસ,
ઉમળકા વગરનો આવકાર.

લાગણી વગરનો પ્રેમ,
માણસાઈ વગરનો માનવ,
સત્કર્મ વગરનકું આયખું,
પ્રભુસ્મરણ વગરનું જીવતર.

– કિન્નરી કે. પરીખ,
અમદાવાદ

સ્વ. રમેશચંદ્ર રજનીકાંત પરીખ (પાટણવાળા) ના જય શ્રી કૃષ્ણ

# શ્રી ખેરાળુના બેઠકજીનું ચરિત્ર



ઉત્તર ગુજરાતમા, મહેસાણાથી વીસનગર જવાના રોડ ઉપર ખેરાળુ નામે નાનું ગામ આવેલ છે. ત્યાં બસ અને રેલ્વેથી પણ જઈ શકાય છે જેનું બરાબર લોકેશન ગૂગલ મેપથી મળી શકે છે. ખેરાળુ ગામમાં બેઠકજી આવેલા છે અહી સેવાનો પ્રકાર ખુબ સુંદર રીતે ચાલે છે. શ્રી જગત્નાથ જોશીના ઘરમાં જ છેલ્લા 500 વર્ષથી પણ વધારે સમયથી બિરાજે છે અને પેઢી દર પેઢી અત્યાર સુધી તેમના વંશજો જ તેમની સેવા તન, મન, ધનથી કરે છે. શ્રીમહાપ્રભુજીના સેવકો પૈકીના જેમના વંશ આજ સુધી ચાલુ છે, તેમાં શ્રી જગત્નાથ જોશીના વંશનો પણ સમાવેશ થાય છે. બેઠકજી તેમના ઘરમાં બિરાજતા હોવાથી અહી માત્ર ગોસ્વામી બાળકોને જ સેવા કરવાની અધિકાર છે. વૈષ્ણવો શ્રી મહાપ્રભુજીની અપરસમાં સેવા કરી શકતા નથી. માત્ર દર્શન કરી શકે છે અને બહારની કોરી સેવા કરી શકે છે. તેમને ત્યાં શ્રી મહાપ્રભુજીની બેઠકની સાથે જગત્નાથ જોશીના સેવ્ય શ્રી બાળકૃષ્ણલાલજી, જેઓ શ્રીમહાપ્રભુજીના નિધિ સ્વરૂપ છે, તે પણ બિરાજે છે. આ સ્વરૂપ જ્યારે જગત્નાથ જોશીના ઘરમાં બિરાજતું હતું ત્યારે એક વાર ગરમ ખીર ધરવાથી પ્રભુનો હસ્ત દાઝેલો અને ખીરના છાટા શ્રી અંગ ઉપર ઊડતા શ્રી અંગ પણ દાઝેલું, તેના ચિન્હો આજે પણ તીક્ષ્ણ નજરવાળાને દેખાય છે. મંગળા કે શયનમાં પૃષ્ઠભાગમાં દર્શન કરવાથી આ ચિહ્નોના દર્શન થઈ શકે છે.

શ્રીમહાપ્રભુજી અહીં ત્રણેય પરિક્રમા વખતે પધાર્યા હતા. પ્રથમ પરિક્રમા વખતે આપશ્રીએ નરહરિ જોશી, જગત્નાથ જોશી અને તેમની માતાને શરણે લીધેલા અને શ્રી મદનમોહનલાલજીને સેવ્ય કરી આપેલા, તેમજ માતાની વિનંતીથી પોતાના ઝારીજી પધરાવી આપેલા, તે ઝારીજી અને આ સ્વરૂપો આજે પણ ત્યાં બિરાજે છે. બીજી પરિક્રમા વખતે પધાર્યા ત્યારે માતાની વિનંતીથી આપશ્રીને વિજયનગરના રાજા કૃષ્ણદેવરાયે ભેટ કરેલ ચમ્મર પધરાવી આપેલા, જેનો લાકડાનો દંડ આજે પણ ત્યાં બિરાજે છે અને રાજભોગ સમયે તેના પણ દર્શન

થઈ શકે છે, રાજભોગનો સમય 10-30 થી 12-30 ની વચ્ચે હોય છે. શ્રીજી પરિક્રમા વખતે આપશ્રી અહીં પધાર્યા ત્યારે માતાની વિનંતીથી શ્રી બાલકૃષ્ણલાલજી પધરાવી આપેલા, તેઓ પણ અહીં બિરાજે છે. મહેસાણા જિલ્લામાં શ્રી મહાપ્રભુજીનું સેવ્ય એક જ નિધિ–સ્વરૂપ બિરાજે છે, ત્યાં શ્રી મહાપ્રભુજીના હસ્તાક્ષર અને શ્રી ભાગવત પોથીજી પણ બિરાજે છે.

અહીં શ્રી મહાપ્રભુજી જ્યારે પધાર્યા ત્યારે ગામથી થોડેક દુર વૃંદાવન નામનું વનપ્રદેશવાળું સ્થળ આવેલું હતું અને આજે પણ છે ત્યાં બિરાજ્યા હતા. શ્રી જગન્નાથ જોશી અને નરહરિ જોશીના માતા ત્યાં જળ ભરવા ગયા હતાં. તેમને શ્રી મહાપ્રભુજીના દર્શન થતાં અલૌકિક સ્વરૂપના દર્શન થયા, માતાએ આપશ્રીને સેવક કરવાની વિનંતી કરી. શ્રી મહાપ્રભુજીએ તેમને અને તેમના બંને પુત્રોને સેવક કર્યા. તેમની વિનંતીથી પ્રસન્ન થઈ, આપશ્રી તેમના ઘેર પધાર્યા. પોતે સ્વહસ્તે સામગ્રી સિદ્ધ કરી, ભોગ ધરી આરોગ્યા. આપશ્રીએ અહીં બિરાજી ત્રણેય પરીક્રમા દરમ્યાન શ્રીમદ્ ભાગવત પારાયણ કર્યું. તે ઉપરાંત શ્રી જગન્નાથ જોશીની વિનંતીથી આપશ્રીએ "યુગલગીત"ના એક શ્લોક ઉપર એક પ્રહર સુધી વચનામૃત કરી રસવર્ષા વરસાવી, આપશ્રી દર રોજ શ્રીસુબોધિનીજી કથા પણ સંભળાવતા હતા. આપશ્રીના વચનામૃત શ્રવણ કરી અહીં સર્વ ખૂબ પ્રસન્ન થયાં. પછી આપશ્રી અહીંથી આગળ પધાર્યા.

આ આખો પ્રસંગ ગોલોકવાસી પ.પૂ. શ્રી રમેશભાઈના પુસ્તક શ્રી બેઠક ચરિત્ર પ્રકાશમાથી સૌજન્યસહ લીધેલ છે.

નોંધ : ગોલોકવાસી શ્રી પ.પૂ. રમેશભાઈ સાથે મહેસાણામાં તેમના બંગલામાં થયેલ વાત પ્રમાણે આજે પણ શ્રી મહાપ્રભુજી ત્યાં સાક્ષાત છે અને તેમને થયેલો અનુભવ તેમના સ્વ મુખે સાંભળેલ હોવા છતા હું તમને એ વાત લખી શકીશ નહી કારણકે એ વાત જાણતા તેમના સગા અને મારા મિત્રએ સાક્ષી તરીકે તેમનું નામ લખવાની મંજુરી આપી નથી.

**હર્ષદ પરીખ (મૌન), અમદાવાદ**
**મો. ૯૩૨૭૦ ૦૬૩૭૨**
**રાઈટર : પ્રવિણ એન. પ્રજાપતિ**

# આપણી ઈન્સ્ટન્ટ ઘેલછા



મુશ્કેલી એવી છે કે લોકોની મનસ્થિતિ એવી થયી છે કે ઉતાવળમાં બધા કામ કરવા છે અને એમાં પરિણામ પણ આવવું જોઈએ.

માણસજાતની ખરી મુશ્કેલી આ જ છે. જેમ જેમ સમય વીતતો જાય છે તેમ તેમ માણસ જાણે વધુને વધુ ઉતાવળો થતો જાય છે. આપણા શાસ્ત્રમાં પણ કહે છે કે મનુષ્ય અધીરો અને ઉતાવળો છે. આજે અધીરાઈ અને ઉતાવળ અનેકગણી વધી ગઈ છે.

કોઈ પણ શહેરમાં અને હવે આપણા ગામડામાં પણ પગ મૂકો તો માણસ તમને દોડતો દેખાશે અને આ રોગ વિકસિત દેશોમાં તો અનેકઘણો વધી ગયો છે. દરેક વસ્તુ માણસને ઉતાવળથી જોઈએ છે. ઉતાવળે પૈસાદાર બની જવું છે, ઉતાવળે મહાન હસ્તી બની જવું છે, ઉતાવળે હોશિયાર અને જ્ઞાની બની જવું છે પણ એ કાંઈ ઈન્સ્ટન્ટ કોફી કે ચા બનાવવા જેવું સહેલું નથી. બજારમાં તમને જલદી જલદી ગુલાબજાંબુ બને એવાં પેકેટ મળી મળી શકે છે પણ તાત્કાલિક પૈસાદાર, તાત્કાલિક હોંશિયાર, તાત્કાલિક જ્ઞાની બની શકાય તેવી કોઈ વસ્તુ મેળવવાનું શક્ય નથી હોતું.

છતાં માણસ એવી બાબતોમાં ફસાય છે. ઉતાવળ કરીને ફસાય છે. થોડીક ધીરજ રાખીને વિચાર કરીએ તો ખબર પડે કે જે આપણે વિચારીએ તે ઘણી વાર શક્ય જ નથી હોતું. પણ, આ યુગમાં ધીરજ નામની વસ્તુ જ માણસે ગુમાવી દીધી છે.

છાપામાં એક સરસ જાહેર ખબર આવે છે કે તમે તમારી ઊંચાઈ ચાર થી છ ઇંચ વધારી શકો છો. આજની નવી પેઢીના યુવાનને ઊંચાઈ ગમે છે. ઊંચાઈ વધારવા માટે તે ઊંચી એડીના બૂટ પહેરે છે. આવા કિમિયા કરવા તૈયાર હોય છે. આવી આકર્ષક જાહેરાત તેને કોઈ સંતના આશીર્વાદ જેવી લાગે છે. બીજુ કશું વિચાર્યા વિના તરત જ પૈસા મોકલીને ઊંચાઈ વધારવાનો કિમિયો મંગાવી લે છે. એ કિમિયો હાથમાં આવે ત્યારે જ તેને ખબર પડે કે તેણે મોકલેલા રૂપિયાના બદલામાં તેને કંપની તરફથી માત્ર પાંત્રીસેક પાનાની એક પુસ્તિકા જ

મોકલવામાં આવી હોય છે. તેમાં થોડી શારીરિક કસરતો આપવામાં આવી હોય છે. જે કરવાથી થોડાં અઠવાડિયામાં જ ઊંચાઈ વધશે એવી ખાતરી આપવામાં આવી હોય છે. ઊંચાઈ વધારીને અમિતાભ બનવા ઇચ્છુક યુવાન આકરી કસરતો શરૂ કરે છે. પણ ઊંચાઈ વધારવા માટેની વેળા કદાચ તેના માટે વીતી ગઈ હોય છે. ગમે તેમ કરવા છતાં ચાર છ ઇંચ તો શું બે ઇંચ પણ ઊંચાઈ વધતી નથી.

નિષ્ણાતો કહે છે કે આજના મોટા ભાગના યુવાનો અને યુવતી તેમને યુવાની વટાવી જવા છતાં તેમની ઉંચાઈ વધારવાની ઘેલછા ઓછી થતી નથી. એનું કારણ કે પ્રૌઢ થતા જતા માણસોની બેસવા, ઊઠવાની, સૂવાની, ચાલવાની રીત ખામી ભરેલી હોય છે. કસરતથી તેમની કરોડ થોડી સીધી થાય તો પોતે થોડા ઊંચા થવાની લાગણી કસરત કરનારને થાય છે. હમણાં હમણાં આ ચલણ બહું જ વધ્યું છે.

આપણામાં કહેવત છે કે ગરજવાનને અક્કલ હોતી નથી. જેમને જલદી જલદી હોંશિયાર બની જવું હોય છે, કમ્પ્યુટર જેવી યાદશક્તિ મેળવવી હોય છે, તેમની પણ એવી જ હાલત છે. આકર્ષક જાહેરાત આપવામાં આવે છે – ઈન્સ્ટન્ટ મેમરી ઈમ્પ્રુવીંગ સિસ્ટમ. વાત પણ સાચી છે અદ્ભૂત યાદશક્તિ કોને ન ગમે? એવી યાદશક્તિ હોય તો માણસ પરિક્ષામાં પ્રથમ આવી શકે, ઈન્ટરવ્યૂમાં મેદાન મારી શકે, સરકારી કે પ્રાઈવેટ કંપનીમાં ઓફીસર બની શકે, કોમ્પ્યુટર જેવી યાદશક્તિ હોય તો માણસ ભલભલાને આંજી શકે અને આંટી શકે. પણ, આ ઈન્સ્ટન્ટમાં કોર્સ એવાં ઉટપટાંગ હોય કે તે પ્રમાણે વર્તવામાં જ મુશ્કેલી પડે.

આપણે નાના હતા ત્યારે છોકરાઓમાં એક વાત પ્રચલિત હતી કે જો કોઈ માણસ ઊડતી સમળીના પડછાયામાંથી ધૂળની ચપટી એ જ વખતે લઈ લે, તો તે જે કાંઈ ઇચ્છા કરે તે મળે અને સફળ થાય. આ બધી ઈન્સ્ટન્ટ વસ્તુઓ એવી હોય છે. ઊડતી સમળીના પડછાયામાંથી એ જ પળે ધૂળ લેવા જેવી. પણ ઉતાવળમાં ઓતપ્રોત થઈ ગયેલ માણસને એ કોણ સમજાવે ? હવે તો નવીનતામાં ઉતાવળે પૈસાદાર બની જવા માટે માણસ જુગાર રમે છે અને પરિણામે ખુવાર થાય છે. ઉતાવળે તરકીબોમાં આપણે ફસાઈ જઈએ છીએ. કારણ કે આપણે ઉતાવળા અને અધીરિયા હોઈએ છીએ.

માણસ જ્યારે ઉતાવળમાં હોય છે. કશુંક જલદી જલદી મેળવી લેવાની લાલચમાં હોય છે ત્યારે તેની બુદ્ધિ તેને છોડી જાય છે. ગમે તેવો ડાહ્યો માણસ

બી. શૈલેશકુમાર એન્ડ કું (વડોદરા) ના સૌજન્યથી

પણ ઉતાવળનો ભોગ બને ત્યારે મૂર્ખાઈ કરી બેસે છે. આજે તો તમને ઓનલાઈન મોબાઈલમાં જુગાર રમાડવામાં આવે છે. એની જાહેરાત પણ આકર્ષક હોય છે. મોટા મોટા કલાકાર, ખેલાડીઓ અને બુદ્ધિજીવીઓ આમા સામેલ છે. આ બધી રમતો નાનાથી લઈને મોટા અને નોકરીવાળાથી લઈને હાથલારી વાળા સુધીના આમા સામેલ છે. આ રમતો રમાનાર એવી રીતે નક્કી કરેલી હોય છે કે રમાડનાર ક્યારેય ખોટનો ધંધો કરે નહિ. એવી સાદી વાત અધીરિયા માણસોને સમજાતી નથી. આ અધીરાઈ સ્વભાવવાળા માણસની એ નબળાઈનો બીજો કેટલાક હોશિયાર માણસો લાભ ઉઠાવતા હોય છે. કોઈએ સાચું કહ્યું છે કે “મૃગ ક્યારેય સોનાનો હોય જ નહિ એવી પાયાની વાત પણ રામ જેવા રામ ભૂલી ગયા હતા”

ઈશ્વરને જ્યારે ઓકનું વૃક્ષ બનાવવાનું હોય ત્યારે તે બનાવવા માટેનો સમય તે સો વર્ષનો નક્કી કરે છે. પણ ભીંડા માટે માત્ર થોડાં અઠવાડિયાનો જ સમય રાખે છે. સારું અને ઉપયોગી હોય એવું કશું જલદી જલદી મેળવી શકાતું નથી. સારા સંગીતશાસ્ત્રી બનવા માટે વર્ષો સુધી તાલીમ અને રિયાઝની જરૂર પડે છે. સારા ડૉક્ટર, સારા એન્જિનિયર, વકીલ બનવા માટે વર્ષો ગાળવાં પડે છે. ઉત્તમ વસ્તુ ક્યારેય ઉતાવળે પ્રાપ્ત થઈ શકતી નથી. માણસમાં એક અદ્ભૂત શક્તિ ઈશ્વરે મૂકી છે. એ છે તેની ઈચ્છાશક્તિ, માણસની ઇચ્છાશક્તિ દરિયાઓ તરી શકે છે, પહાડો ઓળંગી શકે છે, અવકાશના સીમાડાઓ આંબી શકે છે, પણ માત્ર ધીરજથી અને મહેનતથી.

ઉતાવળ એ આપણા આ યુગનો શ્રાપ છે. વધુ ઝડપી ઉતાવળી ગતિથી પડનાર ઉલ્કા રસ્તામાં જ સળગી જાય છે. માણસ જાતે પોતાની ઉતાવળી ગતિ ઉપર નિયંત્રણ મૂકવાની જરૂર છે. જલદી જલદી કશું મળી શકતું નથી. મેળવી શકાતું નથી. કારણ કે મુશ્કેલી એક જ છે – આપણે ઉતાવળમાં હોઈએ છીએ પણ... આપણા સર્જનહાર ઈશ્વરને ઉતાવળ હોતી નથી અને એણે આપણને ઉતાવળે કશુ ન મળી શકે એવી રીતે સર્જ્યા છે.

‘રાત કે ઘને કાલે સાયેમેં મેરી હથેલી પર તુમને બનાયા હૈ જો સૂરજ મહેંદી સે, કહીં સુબહ તક રચેગા ? લાલ હોગા ? યો ઉતાવલે મત હો, રચેગા જરૂર, સૂરજ હૈ તુમને બનાયા હૈ ।’

**– દિલીપ શાહ, મુંબઈ મો. ૯૬૮૯૯ ૧૨૧૪૮**

‘દૃષ્ટિ આઈ ક્લિનિક’ – ડૉ. વત્સલભાઈ પરીખ (મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.

# ત્યાગ એ જ સુખ



કેમ છો બધા ? મજામાં ? જો આ પ્રશ્ન જાહેરમાં ના પૂછી એકલતામાં આપણો કોઈ વિશ્વાસપાત્ર મિત્ર કે જેના જોડે આપણે દિલ ખોલીને વાત કરતા હોઈએ છીએ એ પૂછે તો આનો સત્ય જવાબ આપણે દિલથી કહીએ છીએ. હા મજામાં ! ને બદલે આપણે શું અનુભવી રહ્યા છીએ એ એક થાળીમાં પીરસીએ છે.

પણ શું તમે અવલોકન કર્યું છે કે એમાંની 60% થી 70% વાતો દુ:ખી હોય છે. શું તમે એના બીજ સુધી પહોંચવાનો પ્રયાસ કર્યો છે ? 20 થી 30 વર્ષના વયના લોકો માટે લગ્નની તથા કાર્યની ચર્ચા દુ:ખ આપતી હોય છે. 30 થી 50 વર્ષની વયના લોકોને ઘરમાં રહેનારા તથા બાળ ઉછેરની ચર્ચા દુ:ખ આપતી હોય છે અને 50 થી ઉપરના લોકોને તેમનું શરીર તથા બાળકોની ચર્ચા દુ:ખ આપતી હોય છે. પણ આ બધામાં 50 થી ઉપરની વયના લોકોનું જીવન આખો દિવસ એક અલગ જ કેસેટ વગાડવામાં નીકળી જાય છે. જે લોકો એકદમ નવરા મગજના હોય છે એમનું જીવન મારા પુત્ર એ આમ કર્યું અને પુત્રવધુએ આમ કર્યું એમાં જ દિવસ પૂરો થઈ જાય છે, પણ વાતો નહીં આનું સોલ્યુશન શ્રીમદ્ ભગવદ્ ગીતા તથા શ્રીકૃષ્ણના જીવન ચરિત્રમાં હુબહુ દેખાય છે. મોહમાયા તથા આસક્તિ જ બધાનું મૂળ કારણ છે અને ત્યાગ એનું સોલ્યુશન છે, મનથી ત્યાગ. તમારા કોઈ પણ પ્રશ્નના બીજ સુધી જશો અને જો ત્યાગને અનુસરશો તો પ્રશ્ન એક જ મિનિટમાં હલ થઈ જશે.

શ્રીકૃષ્ણ એમના જીવન ચરિત્રથી કેટલું શીખવાડે છે. જન્મ્યા ત્યારે જ એમના માતા–પિતાનો ત્યાગ, સાત વર્ષના થયા ત્યારે રાધાનો ત્યાગ, કંસને માર્યા પછી યશોદા મૈયા તથા નંદબાળાનો ત્યાગ, ગોકુળનો ત્યાગ, મથુરાનો ત્યાગ ગોપીઓ તથા સખીઓનો ત્યાગ, એમનાં ત્યાં પુત્રનો જન્મ થતા જ પ્રદ્યુમ્નનો

ત્યાગ. આ બધી એમની એક દમ ગમતી વસ્તુઓ હતી પણ મોહમાયા છોડવા એમને ત્યાગ કર્યો હતો. એમની જગ્યાએ આપણે હોત તો શું આપણે આ કરી શકત ? એ પણ હસતા મોઢે ? ધર્મનો પાલન કરવા માટે સંપૂર્ણ મોહ માયા આસક્તિ છોડી, નિંદા વિના શ્રીકૃષ્ણએ એક આદર્શ જીવન ચરિત્ર આપ્યું છે.

શું તમને એવું નથી લાગતું કે આપણે આપણા બાળકો માટે વ્યર્થ ચિંતા કરીએ છીએ અને દુ:ખી થઈએ છીએ? કરશે એ લોકો એમનું, આપણી જવાબદારી પહેલા પાંચ વર્ષની છે, જ્યારે સંસ્કાર આપવાની છે, એનાથી વિશેષ કશું નહીં. પણ જો પછી પણ આપણે ચિંતા કરતા રહીએ તો બાળકોને કશું નહીં થાય, પણ આપણે દુ:ખી થઈશું.

30 વર્ષે પણ આપણું મન એ જ વિચારમાં વ્યથિત રહે છે કે એને ખાધું કે નહીં, પીધું કે નહીં. તો શ્રીકૃષ્ણએ તમને આવું જીવન જીવવા આ પૃથ્વી પર મોકલ્યા છે ? પૂછજો તમારી જાતને.

તમારા જીવનનો ધ્યેય શું છે ? શું છે જવાબ ? રૂપિયા ગાડી તો અહીંયા મૂકીને જ જવાનું છે, તમારી જોડે જે આવશે તે કર્મ છે. તમારુ ચિંતન સાંસારિક જ રહેશે તો તમે પાછા આ સંસારમાં જ પાછા ફરશો અને એ જ દુ:ખના ચક્રવ્યુમાં ઘૂમતા રહેશો. માટે સંસારથી ઉપર ઉઠો અને તમારા જીવનને સંપૂર્ણ બનાવવાનો પ્રયાસ કરો. તમારા જીવનનો ધ્યેય શોધી તમે આ સમાજને શું આપી શકો છો એ વિચાર કરો, ના કે હું સમાજથી શું લઈ શકું છું અને આ મોહ માયા નો ત્યાગ કરવાનો પ્રયત્ન કરો, તો તમે આપોઆપ એક સુખપ્રદ જીવન જીવવા લાગશો.

જેમ એક રોકેટને ઉપર ઉડવા માટે એના પેલોડ્સનો ત્યાગ કરવો પડે છે તેમ આપણે પણ આપણી ઘણી બાંધવા વાળી વિચારધારાઓને ત્યાગ કરી, આ મોહ માયાથી જો છૂટીશું તો રોકેટની જેમ ઉડીશું.

**- દિવ્યા પરીખ, અમદાવાદ**
**મો. ૯૪૨૮૧ ૬૭૮૬૪**

# મોરપીંછની કૃષ્ણયાત્રા



જ્યારથી પ્રેમેશ્વર કૃષ્ણ એ મને તેમના મુકટમાં સ્થાન આપ્યું છે, ત્યારથી હું તેમની સાથે પ્રેમમય થઈ ગયો છું, કૃષ્ણમય થઈ ગયો છું–તેવું જણાવવુ જરાય અતિશયોક્તિ નથી. કૃષ્ણના દરેક સુખ–દુ:ખમાં હું હંમેશા તેમનો સાથી રહ્યો છું. બાળ ગોપાલની અદ્‌ભુત લીલાઓનું મેં રસપાન કર્યું છે. ગોકુળમાં ગોપાલક બનીને ગાયો ચરાવવા માટે તેમની સાથે હું પણ ગયો છું, તેમની વાંસળીના સૂરે મને પણ મોહીત કર્યા છે, ગોવર્ધન પર્વત જ્યારે તેમણે ઊંચક્યો ત્યારે મને પણ તે દૃશ્ય જોવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું હતું, 'અનંતરૂપ' એ જ્યારે મથુરામાં પહોંચી મામા કંસના ત્રાસમાંથી સૌને મુક્તિ અપાવી ત્યારે હું તે ઘટનાનો સાક્ષી હતો, હસ્તિનાપુરમાં દ્રૌપદીના ભરી સભામાં ચિરહરણ વખતે 'અચ્યુત' એ તેમના ચિર પુર્યા હતા ત્યારે મારી આંખોમાં આંસુ હતાં, કુરુક્ષેત્રમાં કૌરવો અને પાંડવો વચ્ચેનું યુદ્ધ રોકવા માટે જ્યારે 'અરિસૂદન' એ તમામ પ્રયાસો કર્યા હતા, ત્યારે હું પણ એ યુદ્ધ રોકાઈ જાય તેમ ઇચ્છતો હતો, યુદ્ધ ભુમિ પર અર્જુનને જ્યારે વિષાદ યોગ થયો ત્યારે જાણે અર્જુને મારું મન કળી લીધું હતું, 'કૃષ્ણ'નું ભગવદ્ ગીતાનું જે અલભ્ય જ્ઞાન સમગ્ર વિશ્વને મળ્યું ત્યારે મારી પણ આંખો પરથી પડદો હટી ગયો હતો. 'કેશવ' એ જ્યારે વિરાટ સ્વરૂપનું દર્શન આપ્યું ત્યારે હું પણ તેમના વિરાટ સ્વરૂપનાં દર્શનથી અભિભૂત થઈ ગયો હતો, યુદ્ધ માટે અર્જુન તૈયાર થયો અને કહ્યું *''करिष्ये वचनं तव्''* ત્યારે મેં પણ જાણે હાથમાં ગાન્ડીવ ધારણ કરી લીધું હતું, સોનાની દ્વારિકા નગરીના નિર્માણ વખતે 'કેશિનિષૂદન'ની સાથે મેં પણ એ વિશાળ દ્વારિકાના દર્શન કર્યા હતા, યાદવ કુળનો નાશ થતાં મેં પણ જોયો હતો, 'કમલપત્રાક્ષ' ને દુ:ખી થતા પણ મેં જોયા હતાં, જરા નામના પારધી એ 'ગોવિંદ'ને તીર માર્યું તે વખતે પણ હું ત્યાં જ હતો, આમ 'જગત્પતિ'ના તમામ સુખ દુ:ખનો હું સાક્ષી છું.

પ્રેમેશ્વર કૃષ્ણ ઉપરાંત યોગેશ્વર કૃષ્ણ, રસેશ્વર કૃષ્ણ અને રાજેશ્વર કૃષ્ણ વિશે ઘણા બધા પ્રતિષ્ઠિત લેખકો, સાહિત્યકારો અને કવિઓએ ઘણા બધા સાહિત્યનું સર્જન કર્યું છે અને તે સમગ્ર સાહિત્ય ખુબ જ સરસ છે, વાંચવાલાયક છે. 'જગન્નિવાસ' આજે પણ દરેકના હૃદયમાં બિરાજમાન છે, તે જોઈને મને ઘણો આનંદ થાય છે, 'જનાર્દન' વિશે અઢળખ સાહિત્યનું સર્જન થયું છે, પણ હજુ અઢળક સાહિત્યનું સર્જન થવાનું બાકી હોય તેમ મને લાગે છે.

મેં જે 'દેવાધીદેવ'ને નજીકથી જોયા છે, સમજ્યા છે, તે ઉપરાંત જ્યારે જ્યારે હું 'દેવવર' વિશે વાંચું છું, ત્યારે ત્યારે મારો 'પુરુષોત્તમ' તરફનો પ્રેમ વધતો જ જાય છે. મને 'ભગવાન' શ્રી 'ભૂતભાવન'ના મુગટમાં જગ્યા મળી તે માટે હું તેમનો સદૈવ રૂણી રહીશ. 'ભૂતેશ'ના મંદિરોમાં 'મધુસૂદન'ના દર્શન કરવા માટે જ્યારે ભક્તો આવે છે અને "કૃષ્ણમ્ વંદે જગદગુરુમ્", "ૐ નમો ભગવતે વાસુદેવાય", "જય રણછોડ"નો નાદ બોલાવે છે, સૌ એકબીજાને "જયશ્રીકૃષ્ણ" કહે છે અને સૌના મનમાં "શ્રી કૃષ્ણ શરણં મમ"નો એક જ ભાવ હોય છે, તે જાણીને હું પોતે ભાવવિભોર બની જાઉં છું. નાથદ્વારાના શ્રીનાથજી, ડાકોરના રણછોડરાયજી, દ્વારિકા નગરીના રાજા શ્રી દ્વારકાધીશજી, શામળાજી, પુરીના જગન્નાથજી, ગોકુળ, મથુરા અને વૃંદાવનના બાંકેબિહારીજી, ઈસ્કોનના કૃષ્ણ મંદિરો અને ભારત ઉપરાંત દુનિયાભરમાં આવેલા 'મહાબાહુ'ના મંદિરોની મેં યાત્રા કરી છે, જે મારા જીવનનો એક ઉત્સવ છે, આનંદ છે.

'માધવ' મારા આરાધ્ય છે, પરંતુ તેઓ મને મારા ખાસ મિત્ર જેવા વધુ લાગે છે. ભગવદ્ગીતામાં 'યોગવિત્તમ' એ જે ત્રણ યોગ દર્શાવ્યા છે, જ્ઞાનયોગ, કર્મયોગ અને ભક્તિયોગ તથા તેમણે દરેકને પોતાનો સ્વધર્મ ઓળખવા માટે પણ જણાવ્યું છે. હું પણ મારા સ્વધર્મ મુજબ 'યાદવ'ના પગલે ચાલવાનો પ્રયત્ન કરું છું, પણ મારે તો 'વાસુદેવ'ના મુગટની શોભા બનીને હંમેશા માટે રહેવું છે, તે જ મારો કર્મયોગ છે.

'વાષ્ણેય'ના જીવનમાં જ્ઞાન, કર્મ અને ભક્તિનું ત્રિવેણી તિર્થ પ્રગટે છે. જ્ઞાનના ક્ષેત્રમાં તેઓ 'યોગેશ્વર' હતા, તેઓ અર્જુન સાથે આત્મતત્વની ગહન

ચર્ચા કરે છે, સ્થિતપ્રજ્ઞના લક્ષણો સમજાવે છે. કર્મના ક્ષેત્રમાં 'વિષ્ણુ' રાજેશ્વર હતા, તેઓ યુદ્ધમાં અર્જુનના સારથિ બની શકે છે, એંઠી પતરાળી ઉંચકી શકે છે, ઘોડાઓના ઘા સાફ કરી શકે છે. ભક્તિના ક્ષેત્રમાં 'હૃષીકેશ' રસેશ્વર હતા, ભક્તિસભર 'હરિ' ગોપીઓની સાથે નાચી શકે છે, કુબ્જાનો સ્વીકાર કરી શકે છે, સુદામાને દોડીને પ્રેમથી ભેટી શકે છે, વિદુરની ભાજી ખાઈ શકે છે. દરેક પ્રસંગે કૃષ્ણનું એક અનોખું સ્વરૂપ જોવા મળે છે, તેથી જ તો હું કૃષ્ણપ્રેમી છું. કૃષ્ણના પગલે ચાલવું એક સામાન્ય વ્યક્તિનું ગજું નથી. તેઓ તો મહામાનવ હતા, પુર્ણ પુરુષોત્તમ હતા, સર્વલોકમહેશ્વર હતા અને છે.

કૃષ્ણપ્રેમના આદર્શ દૃષ્ટાંતો આપણી નજર સમક્ષ છે, જ્યારે શ્રીકૃષ્ણ એ શ્રીવલ્લભાચાર્ય મહાપ્રભુજીને સાક્ષાત્ દર્શન દીધાં ત્યારે મને પણ તેમણે સાથે રાખ્યો હતો. નાથદ્વારામાં કૃષ્ણ શ્રીનાથજી સ્વરૂપે પુજાય છે, પુષ્ટિમાર્ગમાં કૃષ્ણની ઠાકોરજીના સ્વરૂપની ભક્તિ થાય છે, દરેક વૈષ્ણવોના ઘરમાં તેમની સાથે હું પણ હાજર રહું છું અને તેમની સેવા કરવાનો મોકો હું પણ લઉં છું. નરસિંહ મહેતા, મીરાંબાઈ અને ભક્ત બોડાણાની ભાવસભર ભક્તિના તોલે કોઈ ના આવી શકે, તેમને કૃષ્ણએ સાક્ષાત દર્શન દીધાં, ત્યારે હું પણ તેમના ભક્તોને મળી શક્યો હતો, તેનો મને ખુબ જ આનંદ છે. આવા, જગન્નાથનો જન્મોત્સવ દુનિયાભરમાં ખુબ જ ધામધુમથી ઉજવવામાં આવે છે, તે જોઈને મારા હરખનો પાર નથી રહેતો અને હું કૃષ્ણમય બનીને કૃષ્ણગીત ગાવા લાગું છું.

## 'કૃષ્ણગીત'

વાંસળીના સૂર, મારા મનને મોહી જાય છે,
ઝણકે જેમ નુપુર, મારું દિલ ઝણઝણ થાય છે,
જગમાં ક્યાં છું તું, હે મારા ઘનશ્યામ,
તને મળવાને મારું, દિલ અધીરું થાય છે.

રાધા તો ઝટ દોડતી આવે,
મીરાંને તું દરશન દે,

મારા પ્રેમ અને ભક્તિમાં શું કચાશ છે,
એટલી તો તું મને સમજણ દે,
જીવનનો મર્મ, તું જ સમજાવી જાય છે,
તને મળવાનો મારું, દિલ અધીરું થાય છે.

નરસૈયાનો તું મિત્ર છે,
અર્જુનનો તું ગુરુ,
મને પણ બતાવ તું મારગ,
કે ખરી જીંદગી થાય શરું.

વિરાટ અને વામન સ્વરૂપનું, દર્શન કરાવી જાય છે,
વાંસળીના સૂર, મારા મનને મોહી જાય છે.

**- રિપલકુમાર પરીખ, અમદાવાદ**
**મો. ૯૬૦૧૬ ૫૯૬૫૫**



**અંક ન મળવા અંગે**

વાયડામિત્રની તમામ નકલો દર મહીનાની દસ તારીખે પી.એસ.ઓ ઓફિસ, અમદાવાદમાં આપવામાં આવે છે જેની પહોંચ અમે જ્ઞાતિના તમામ વોટસએપ ગ્રુપમા મોકલીએ છીએ. વાયડામિત્રના સભ્યોનું એડ્રેસ લીસ્ટ (પી.ડી.એફ ફાઈલ) પણ ગ્રુપમાં મોકલીએ છીએ. જ્ઞાતિજનો પોતાનું નામ તેમાં ચેક કરી શકે છે. ૨૫ તારીખ સુધી અંક ન મળે તો વ્યવસ્થાપક શ્રી હર્ષ પરીખને તેમનું નાામ તથા સરનામુ વોટસએપ કરી શકે છે. વ્યવસ્થાપક પાસે વધારાની નકલ હશે તો સાદી પોસ્ટ દ્વારા મોકલવામાં આવશે અને તેનો ફોટો પાડીને જે તે ગ્રાહકને મોકલવામાં આવશે.

# શું છે આ મૃત્યુ ?



હમણા એક મિત્રએ પૂછ્યું કે જીવન અને મૃત્યુ એટલે શું? મને થયું કે મને શું કામ પૂછે છે જાણે કે હું નિષ્ણાત હોઉં. મેં જવાબ આપ્યો – પાંચ તત્ત્વો ભેગાં થાય તે જીવન અને પાંચ તત્ત્વો છૂટાં થાય તે મૃત્યુ.

મૃત્યુ આપણા દરેક જીવનનું અંતિમ સત્ય છે. આ અનિશ્ચિત જગતમાં જો એકમાત્ર ઘટના નિશ્ચિત હોય તો એ મૃત્યુ છે. પ્રત્યેક ક્ષણે સમય સરકી રહ્યો છે અને આપણે પ્રચંડ વેગથી સ્મશાનભણી ધસી રહ્યા છીએ.

પૈસો, પાવર, પદવી, પ્રસિદ્ધિ – બધું જ અહીં રહી જવાનું છે એની ખબર હોવા છતાં આપણે તે તરફ દોટ મૂકીએ છીએ. આ ભૌતિક બાબતો આપણા 'ઈગો'ને સંતોષે છે. આ એક મૃત્યુથી છટકવાની કોશિશ છે.

માણસને મૃત્યુનો અનુભવ થાય છે ખરો? કોઈ પણ અનુભવ ત્યારે જ અનુભવ કહી શકાય જ્યારે એક વ્યક્તિ તે વિષે બીજાને વાત કરી શકે. વિગત્સેન્સ્ટાઈને કહ્યું કે મૃત્યુ એવી ઘટના છે જે મારા જીવનમાં એક જ વાર બને છે અને હું એના વિશે કોઈને કહી શકતો નથી. માણસને જન્મના અનુભવની પણ ખબર નથી તો મૃત્યુની તો શી વાત કરવી?

જન્મ અને મૃત્યુ એક સાથે જ છે. બન્ને એકબીજાથી જુદા નથી. મૃત્યુ ખરેખર આવતું નથી, તે શરીરમાં જ હોય છે. તે પહેલેથી જ હાજર છે. જેમ પ્રેમ હોય જ છે. પ્રેમ થાય છે તે કહેવું ખરેખર સત્ય નથી. શરીરના મરવાની શરૂઆત જન્મ સાથે જ થઈ જાય છે. એક વૃક્ષ કપાવાની શરૂઆત થાય ત્યારે છેક છેલ્લે ઘા એ જમીનદોસ્ત થાય છે. વૃક્ષ કપાવાની શરૂઆત પહેલા ફટકા થી જ થઈ હોય છે. અમુક વય પછી રોગ દ્વારા મૃત્યુ શરીર સાથે છેડછાડ કરે છે. જો કોઈ એમ કહે કે મને મૃત્યુનો વિચાર જ નથી આવતો તો એ માણસ જુઠ્ઠો છે. મૃત્યુની તલવાર સતત લટકતી જ રહે છે. મૃત્યુ હોસ્પિટલની લોબીમાં, ઘરની પથારીમાં કે બહાર રસ્તામાં લપાયેલું જ રહે છે. ક્યારે તે ત્રાટકશે એ ખબર નથી.

આપણી પાસે શું છે? મૃત્યુની અધકચરી સમજણ. જેને અનુભવ છે તે તો કહેવા માટે રહ્યા નથી એટલે જ કદાચ Death is Mystery કહ્યું હશે. ખરેખર મૃત્યુ નામની ઘટના બને છે એ વિશે પ્રશ્નો છે. એ ઘટના કદાચ જીવન(life) અ–જીવન (Non life) વચ્ચે આવેલી એક દિવાલની એકબાજુ બનતી હશે. જ્યાં જીવન આવેલું છે.

પણ મને લાગે છે કે પ્રેમ અને મૃત્યુ એક સિક્કાની બે બાજુઓ છે. મૃત્યુ જેવી જીવલેણ ઘટના સામે એક જ વસ્તુ ટકી શકે તેમ છે અને તે છે પ્રેમ. પ્રેમની શક્તિને જ્યારે તમે માણો છો ત્યારે મૃત્યુ છેટું રહી જતું હોય છે. પ્રેમ એ બીજું કશું નથી, એ મૃત્યુનું રીહર્સલ છે. મામસ પ્રેમ કરતો હોય ત્યારે મૃત્યુનો અનુભવ કરતો હોય છે.

ઓશો કહે છે – મૃત્યુ જેવું કશું હોતું નથી. મૃત્યુ એ જીવનના અભાવનું બીજું નામ છે. જેમ અંધકારનું કોઈ અસ્તિત્વ નથી એમ મૃત્યુની પણ કોઈ વિધાયક સ્થિતિ નથી. અંધકાર એ પ્રકાશનો અભાવ છે.

જીવન મૃત્યુના આ ચક્રમાંથી છટકવાનો એક બીજો માર્ગ છે અને તે છે – અધ્યાત્મ. અધ્યાત્મ તરફનું પહેલું પગથિયું મૃત્યુની સમજણ છે.

માણસે મૃત્યુથી ડરવાની જરૂર નથી. મૃત્યુને સમજવાની જરૂર છે. સુખી અને પ્રસન્ન જીવનની ચાવી મૃત્યુ નામના અકળ રહસ્યમાં રહેલી છે. માણસ રોજ ગાઢ નિંદ્રામાં હોય ત્યારે મીનીડેથ અનુભવે છે. આ મૃત્યુ પછી થનારી અનુભૂતિનું રીહર્સલ છે. મૃત્યુ એટલે કાચબો, જે ધીમે ધીમે ચાલીને હંમેશા સસલાને હરાવે છે.

માણસ મૃત્યુથી શા માટે ડરે છે ? મુખ્ય કારણ 'લુપ્તતા' છે. લુપ્ત થઈ જવાનો ડર. આપણું અસ્તિત્વ રહેશે નહીં તેવો ડર લાગે છે. 'સ્વ'ને આપેલું મહત્ત્વ. આપણી ગેરહાજરીમાં સમાજ, વિશ્વ, કુટુંબ, મિત્રોની કલ્પના કરીએ છીએ. બધા હશે પણ હું નહીં હોઉં. પણ આ શોક અલ્પજીવી છે. ઇરાનિયન કવિ મહેફૂશ કહે છે – એકવીસમી સદીમાં માણસના મૃત્યુનો શોક પંદર મિનિટ જ રહેશે. પછી તમારી ગેરહાજરી સ્વીકારીને આગળ વધી જશે અને તે માણસને વધુમાં વધુ જન્મ દિવસ કે મૃત્યુ તારીખે યાદ કરશે અને વિશેષ કશું નહીં.

ફિલોસોફર એપીક્યુરસ કહે છે – મૃત્યુથી ડરવાનું કોઈ કારણ નથી કારણ

કે જ્યાં સુધી હું છું ત્યાં સુધી મૃત્યુ નથી અને જ્યારે મૃત્યુ આવશે ત્યારે હું નહીં હોઉં.

ધારો કે મૃત્યુ ન હોત તો? પૃથ્વી પર અનંત સમય રહેવાનો જલસો પડી જાત ! પણ બસો-ત્રણસો વર્ષ બાદ એવી કોઈ ઇચ્છા બાકી રહી ગઈ ન હોય એ પૂરી ન થઈ હોય ! પછી માણસ કંટાળી જાત. કોઈ નવી પ્રવૃત્તિ કરવા માટે રહી જ ન હોય ! ખરેખર, મૃત્યુની વાસ્તવિક્તા આપણા જીવનને અમૂલ્ય અને સુંદર બનાવે છે.

રીચાર્ડ ડોકિન્સ કહે છે – આપણે મૃત્યુ પામવાના છે એ વાત નસીબદાર છે. વિચાર કરો, જેઓ ક્યારેય જન્મી શકતા જ નથી એને મૃત્યુ પામવાનો અવસર જ ન મળત. આ પૃથ્વી પર આપણી જગ્યાએ અન્ય લોકો અસ્તિત્વમાં આવી શક્યા હોત. આપણે નસીબદાર છીએ કે આ બ્રહ્માંડે આપણી પસંદગી કરીને આ પૃથ્વી પર અદ્ભુત જીવન જીવવા માટેનો મોકો આપ્યો.

એક પ્રશ્ન થાય છે એક સાથે અનેક લોકોના મૃત્યુ થાય. પ્લેનક્રેશ, રોગચાળો કે અકસ્માત, યુદ્ધ એકસાથે મૃત્યુનો અનુભવ એકલાં મૃત્યુ કરતાં જુદો હશે ?

મને ઘણીવાર વિચાર આવે છે 1950 માં હિન્દુસ્તાનની વસતી 50 કરોડ હતી. 2024 માં 142 કરોડ છે. આપણે આટલી વિશાળ સંખ્યામાં આત્મા છે. તો તે સંખ્યામાં વધારો કઈ રીતે થાય ? કોઈ કહેશે કે વિદ્યુત (Electricity) તો એક જ છે. પણ જુદા જુદા બલ્બમાં પ્રકાશે છે. માણસ મૃત્યુ પછી 84 લાખ યોનિઓમાં આવાગમન કરે છે તેવો મત છે. પણ ઓશો કહે છે – એકવાર માણસ તરીકે જન્મ મળ્યા પછી અન્ય યોનિમાં જવું શક્ય નથી. આ ઉત્ક્રાંતિનો સિદ્ધાંત છે. બાળક છઠ્ઠા ધોરણમાં અભ્યાસ કરતું હોય અને તે નાપાસ થાય તો પણ તે પાંચમાં ધોરણમાં જતું નથી. એમ પાછળ તરફની ગતિ શક્ય નથી.

સાચું શું ? ખબર નથી.

*પ્રાણઃ શરીરમ્ ગૃહયઃ*

શરીર વિના પ્રાણ અને પ્રાણ વિના શરીર સંભવ નથી. જીવ શરીરના સમગ્ર કોષોમાં રહેતો હોય તો શરીરનાં બધા જ અંગો એકસાથે નાશ પામવા જોઈએ. પણ ખરેખર, તેમ બનતું નથી. મામસના મૃત્યુ પછી તમામ અંગો તરત

અરુણભાઈ આર. શાહ (રંગવાળા) (વડોદરા)ના જય શ્રી કૃષ્ણ.

મૃત્યુ પામતા નથી. નખ પાંચ-છ દિવસ સુધી વધે છે. કિડની અને લીવરનો મૃત્યુગાળો અલગ અલગ છે. તો ખરેખર કોણ મૃત્યુ પામ્યું ? જન્મ સાથે જે આવે છે તે મૃત્યુ વખતે જતું રહે છે ? શરીરમાં કાંઈક છે જે તેને જીવંત રાખે છે ?

વિજ્ઞાન એમ કહે છે કે માણસ પરિવર્તન પામતો હોય છે. આપણા શરીરની અંદર જૂના કોષ ખતમ થાય છે અને નવા કોષ સતત પેદા થયા જ કરે છે.

આપણા જીવનની એક એક પળ ચમત્કારથી પર નથી. પણ આપણે આ અંગે વિચાર કરતાં જ નથી.

ગૌતમ બુદ્ધે એક સુંદર શબ્દ આપણને આપ્યો છે.

ઈમ્પરમીનન્સ (IMPERMENANCE) એટલે ક્ષણભંગુરતા.

અહીં કશું જ કાયમી નથી. કોઈ પરિસ્થિતિ કાયમી નથી, એ બદલાશે જ એ નિશ્ચિત છે.

કેટલાક પ્રશ્નો મૃત્યુ સમયે પૂછવા જોઈએ – એમ મને લાગે છે.

– મારા વિચારો અને કાર્યો થકી થોડું ઘણું શુદ્ધિકરણ થયું ખરું ?
– મારા જન્મ પહેલા જે સમાજ હતો અને મારા મૃત્યુ સમયે જે સમાજ છે તે બંને વચ્ચેના ગાળામાં મારા થકી કોઈ સારુ પરિવર્તન આવ્યું ખરું ? તો મારું જીવવું સાર્થક નહીં તો આ પૃથ્વી પર મારે આવવું જોઈતું ન હતું.
– મારી જાતમાં કોઈ પરિવર્તન આવ્યું ખરું ?
– હું મારા જીવનમાં બ્રહ્માંડ સાથે સંવાદિતાનો અનુભવ કરી શક્યો ?
– મારામાં કૃતજ્ઞતાનો ભાવ (Act of Gratitude) એ પણ નમ્રતા સાથે આવ્યો ખરો ?

મને ખબર નથી કેટલી વ્યક્તિઓના ઉપકાર મારા જીવનમાં છે. જીવનનું સગીત આપણે સાંભળી શકીએ તો બધી જ બાબતો ગૌણ બની કદાચ આ જ જીવનની સાર્થકતા છે : મૃત્યુસ્મરણ એ જીવનમાં કશું ગુમાવવાના વિચારજાળમાંથી અળગા રહેવાનો મોટો માર્ગ છે. કદાચ એટલે જ મૃત્યુનું સ્મરણ જરૂરી છે.

સ્ટીવ જોબ્સની સ્પીચ યાદ કરો. એમાંના ત્રણ વાક્યો સ્પર્શી જાય તેવા છે.

1) Death is a destination, we all share
આપણા બધાનું ગંતવ્ય સ્થાન મૃત્યુ છે.

સ્વ. કુ. હેમલતાબહેન ઝવેરીલાલ શાહના જય શ્રી કૃષ્ણ.

2) No one wants to die even if he is going to heaven.
**સ્વર્ગ મળવાની ગેરંટી હોય તો પણ કોઈની મરવાની તૈયારી નથી.**

3) If you live each day as if it is your last day.
**દરરોજ એવું વિચારો કે આજે મારો અંતિમ દિવસ છે. એક દિવસ આ વાક્ય સાચું પડશે.**

પણ મૃત્યુ વિશે આપણે પુષ્ટિમાર્ગીય દૃષ્ટિકોણ શું છે ? જગતના પદાર્થો અને મનુષ્યો વગેરે જીવસૃષ્ટિનો કદી નાશ થતો નથી. તેનું રૂપાંતર થાય છે. જેને તિરોભાવ કહેવામાં આવે છે. તિરોભાવ એટલે જે હોવા છતાં દેખાય નહીં. નાશ પામવું એટલે અસ્તિત્વનું સંપૂર્ણ રીતે મટી જવું. કોઈપણ વસ્તુ કે વ્યક્તિનું અસ્તિત્વ સંપૂર્ણ રીતે મટી જતું નથી. માત્ર આકાર અને પ્રકાર બદલાય છે. આવિર્ભાવ અને નિરોભાવ – લીલા ચક્રની જેમ ચાલતા જ રહે છે. ઠાકોરજીની આ લીલા છે.

મહાપ્રભુજી કહે છે – જ્યારે જીવાત્મા ભગવાનથી છૂટો પડ્યો ત્યારે તેમાં રહેલા ભગવાનનો આનંદ અંશ તિરોધાન થયો. તિરોધાન એટલે ગુપ્ત થઈ જવું. ઢંકાઈ જવું. અદૃશ્ય થઈ જવું. જગતમાં મનુષ્ય અવતરે અથવા કોઈપણ પદાર્થ અસ્તિત્વ ધારણ કરે તે આવિર્ભાવ છે. મૃત્યુથી શરીરનો તિરોભાવ થાય છે. મૃત્યુ એ વસ્ત્રપરિવર્તનની પ્રક્રિયાથી વિશેષ નથી.

ઈયાન ફ્લેમીંગ (જેમ્સ બોન્ડ)ના મૃત્યુ પહેલાના છેલ્લા શબ્દો હતા – It's a Lark (મજા પડી ગઈ.)

જો માણસ જીવનના અંતે આવા શબ્દો ઉચ્ચારી શકે તો તેનું જીવન સુંદર રીતે વ્યતિત થયું એમ કહી શકાય.

**- હિમાંશુ શાહ, અમદાવાદ**
**પૂર્વ તંત્રી, વાયડામિત્ર મો. ૯૪૨૯૦ ૬૭૮૯૦**

સભ્યો અને જ્ઞાતિજનો ભેટ, જા.ખ. વિગેરેની રકમ સંસ્થાના ખાતામાં જમા કરાવી તેની પહોંચ વ્યવસ્થાપકને વોટ્સએપ કરી શકે છે. પહોંચ મોકલવાની જવાબદારી રકમ જમા કરાવનારની રહેશે. ખાતાની વિગત નીચે પ્રમાણે છે.

Shree Vayada Vanik Seva Trust
Central Bank of India, Mithakhali Branch, Ahmedabad.
Savings A/c No.: 3172539192, IFSC Code.: CBIN0280553

# સરળતા Simplicity



13 મી ડિસેમ્બરની સવાર હતી. રોજની જેમ 6-00 ઉઠ્યો. શ્રીનાથજી બાવાના દર્શન પછી પહેલું કામ બ્રહ્મકુમારી દ્વારા આવેલ ટેબલ કેલેન્ડરનું પાનું ફેરવી જે તે દિવસનું સુત્ર વાંચવાનું કરું છું. સૂત્ર હતું : There is great beauty in simplicity That which is simple is close to Truth

સૌંદર્ય અને સરળતા, સરળતા અને સત્ય. સૂત્ર ગમી ગયું. મમળાવતો રહ્યો. આમ પણ સરળતાના બીજા બે સૂત્રો મને ગમે છે. એક સૂત્ર છે– To be simple is to be great. બીજું સૂત્ર છે– One should be simple but not stupid.

6-30 વાગે હું અને ઈલા ચ્હા–નાસ્તો કરતા હતા. કોણ જાણે કેમ પણ સરળતાના સૂત્રો મનમાં રમ્યા કરતા હતા.

1-00 વાગે સેવા કરવા ગયો ત્યારે પણ સૂત્રો વિશે વિચારતો હતો. યમુનાષ્ટક, કૃષ્ણાશ્રય પછી હંમેશા એઈલીન કેડીના પુસ્તક "ઉઘાડો દ્વાર અંતરના"નું સૂત્ર ધ્યાનપૂર્વક વાંચું છું. 13 મી ડિસેમ્બરનું સૂત્ર વાંચ્યું તે નીચે પ્રમાણે હતું.

'હંમેશા યાદ રાખો કે સરળતા એ મારી નિશાની છે. એટલે જીવન જ્યારે તમારે માટે વધારે પડતું જટિલ બની જાય ત્યારે ખાતરીથી જાણજો કે તમે આધારસ્તંભથી દૂર ખસી ગયા છો અને તમારે બને તેટલા જલદી એનાં પર પાછા આવી જવાનું છે. નાનાં બાળક જેવાં, સરળ અને ગૂંચ વગરના બનો અને જીવનને ભરપૂર પણે માણો.'

કેવો જોગાનુજોગ સવારે 6-30 વાગે ભગવાનના દર્શન કર્યા અને સૂત્ર મળ્યું સરળતાનું. 10-00 વાગે સેવા કરવા ગયો અને સૂત્ર મળ્યું સરળતાનું. ભગવાને કહ્યું "હંમેશા યાદ રાખો કે સરળતા એ મારી નિશાની છે."

ભગવાનને પ્રાર્થના કરી "મને સરળ બનાવી દો."

**- શરદભાઈ પી. શાહ, મહેસાણા**
**પૂર્વ તંત્રી તથા ટ્રસ્ટી, વાયડામિત્ર**
**મો. ૯૪૨૯૭ ૩૬૭૬૫**

# ભાવતી મીઠી ખીર



'માનસી સેવા માટે શ્રીકૃષ્ણે પ્રગટ થઈ દયાલદાસનો હાથ પકડીને કહ્યું આજે મને ભાવતી મીઠી ખીર બની છે તો તે ખાવા દે ને !'

પુષ્ટિમાર્ગમાં ભગવાનની સેવાનું પ્રાધાન્ય છે. પુષ્ટિભક્તના ચાર પુરુષાર્થમાં ભગવાન શ્રીકૃષ્ણની સેવા કરવી એ જ વિધાન છે, એટલે ચતુઃશ્લોકીના પ્રથમ શ્લોકમાં શ્રી વલ્લભાચાર્ય મહાપ્રભુજી કહે છે :

સર્વદા સર્વભાવેન ભજનીયો વ્રજાધિપઃ ।
સ્વસ્યાયમેવ ધર્મોહિ નાન્યઃ ક્વાપિ કદાચન ॥

હંમેશા સર્વાત્મભાવથી વ્રજના અધિપતિ ભગવાન શ્રીકૃષ્ણને ભજવા એમની સેવા કરવી. ભક્તનો અ જ ધર્મ છે. એટલે જ પુષ્ટિમાર્ગીય ભક્તે બ્રહ્મસંબંધ લીધા પછી સેવા જરૂર કરવી. શ્રી મહાપ્રભુજી કહે છે કે કૃષ્ણ સેવા સદા કાર્યા માનસી સા પરા મતા. ભગવાન શ્રીકૃષ્ણની સેવા સદા કરવી. માનસી સેવાને શ્રેષ્ઠ માનવામાં આવે છે.

દયાલદાસ નામના એક વણિક હતાં. આમ તો તે ખૂબ ધનવાન હતા. પણ કંજૂસ હતા. તેણે એક લાખ રૂપિયા જમીનમાં દાટી રાખ્યા હતા. તે એક પણ પૈસો ખર્ચે નહિ, ક્યારેક પૈસા ખર્ચવાની સ્થિતિ ઉત્પન્ન થાય, તો તેમનો જીવ બળી જાય. એક દિવસ તેમણે બ્રહ્મસંબંધ લીધા, તેમના ગુરુ શ્રી વિઠ્ઠલનાથજી (શ્રી ગુંસાઈજી) પધાર્યા ત્યારે તેમણે તેમના ગુરુને કહ્યું કે મહારાજ એક પણ પૈસાનો ખર્ચ ન થાય અને મારું કલ્યાણ થાય એવી રીત મને બતાવો. હું દરરોજ બાર આના કમાઉં છું. તેમાંથી ચારઆના ખરચુ છું. વધારાના પૈસાની બચત કરું છું.

શ્રી ગુંસાઈજીએ સેવામાં રાગ, ભોગ, શ્રુંગાર વિકસાવ્યા હતા.

શ્રી મહાપ્રભુજીએ દર્શાવ્યું છે કે તનુજા અને વિત્તજા સેવા કરતાં માનસી સેવા વધુ શ્રેષ્ઠ અને ચડિયાતી છે. એટલે તમે માનસી સેવા કરો. એમાં સ્નાન, વસ્ત્રો, ભોગ ધરાવવાનું. બધું જ માનસી કરવાનું. આમ સેવામાં એક પૈસાનો પણ

ખર્ચ નહિ થાય. ધ્યાન રહે કે મનને પરોવી એવી રીતે સેવા કરવાની જે રીતે તનુજા સેવામાં ભૌતિક રીતે બધી વસ્તુઓનો ઉપયોગ કરીએ છીએ. માનસી સેવામાં ખરેખર એવું જ અનુભવવાનું છે, બધું વાસ્તવિક રીતે થઈ રહ્યું છે.

દયાલદાસને શ્રી ગુસાંઈજીએ બતાવેલી રીત પસંદ આવી ગઈ. આ તો ભાવતું ને વૈદ્યે કહ્યું. એના જેવું જ થયું. દયાલદાસ સવારે બે પ્રહર સુધી કશું કામ ન કરે અને માનસી સેવા કરે.

એક દિવસ શ્રી ઠાકોરજીને ભોગ ધરાવતી વખતે ખીર બનાવવા માનસી ભાવના કરી. તેમાં મીસરી (સાકર) થોડી વધારે પડી ગઈ. તેથી તે ખીરમાં ચમચી કાઢી બહાર કાઢવા લાગ્યા. ભગવાન શ્રીકૃષ્ણને મીઠી ખીર ખૂબ ભાવે. તેઓ એકદમ પ્રગટ થયા અને દયાલદાસનો હાથ પકડીને કહેવા લાગ્યા કે આમાં તારી કોઈ સામગ્રી કે મીસરી ખર્ચાતી નથી. તું આ મનથી જ બનાવે છે, ધરાવે છે. તો શું માટે મીસરી બહાર કાઢે છે ? રોજ તું મોળી ખીર ખવડાવે છે. આજ મીઠી ખીર બની છે તો મને ભાવતી ખીર ખાવા દેને !

ભગવાન શ્રીકૃષ્ણને આ રીતે પ્રગટ થયેલાં જોઈ અને તેમની વાત સાંભળી દયાલદાસ અપાર આશ્ચર્ય અને આનંદ અનુભવવા લાગ્યા.

એક પણ પૈસાનો ખર્ચ કર્યા વગર હું માનસી સેવા કરું છું છતાં પ્રભુ સ્વીકારે છે. મેં ધરેલો ભોગ આરોગે છે. આજે મીઠી ખીર આરોગવા સ્વયં પ્રગટ થઈ મને દર્શન આપ્યા. મારો હાથ પણ પકડી લીધો. જો હું મારું બધું ધન અને સર્વસ્વ પ્રભુને સમર્પિત કરી દઉં તો પ્રભુ કેટલા પ્રસન્ન થાય !

આ ઘટનાથી દયાલદાસની દ્રવ્ય આસક્તિ, કંજુસાઈ અને લોભવૃત્તિ છૂટી ગઈ. તેમણે જમીનમાં દાટીને રાખેલા એક લાખ રૂપિયા ત્યાંથી કાઢી ભગવત્ સેવા માટે શ્રીગુંસાઈજીને સમર્પિત કરી દીધા. પછી પોતાના ઠાકોરજીની પ્રિતીપૂર્વક માનસી સેવા કરી તેમનો વારંવાર અનુભવ કરવા લાગ્યા.

**- પ્રવિણાબેન દિપકભાઇ દલાલ,**
**મુંબઈ**
**મો. ૮૩૬૯૬ ૮૧૮૩૨**

ભારતીબેન ભરતકુમાર શાહ (મીરા રોડ) પરિવારના જય શ્રી કૃષ્ણ.

# પ્રસન્નતા



ભગવાન શ્રીકૃષ્ણનાં જન્મ નિમિત્તે થતો નંદમહોત્સવ અલૌકીક વાતાવરણ ઉદ્‌ભાવી પ્રસન્નતાનો છૂટો દોર મૂકી દે છે. ચોમેર આનંદનો એહસાસ (અનુભવ) થાય છે. કુદરતી રીતે અંતરનો આનંદ ઉમટી પડે છે. પ્રસન્નતા સર્વપ્રિય છે. પ્રસન્નતા શ્રી હરિનું વરદાન છે જે દરેકનાં ભાગ્યમાં નથી હોતી. કોઈનાં જીવનમાં ક્ષણિક હોય છે કોઈનાં જીવનમાં દીર્ઘકાળ હોય છે. વૈષ્ણવજન / હરિભક્તો શ્રી ઠાકોરજીની સેવા સ્મરણથી દીર્ઘકાલીન પ્રસન્નતા અનુભવે છે. પ્રસન્નતા વાતાવરણને ચાર ચાંદ લગાવી દે છે. હાલનાં સાયમાં જ અયોધ્યા મંદિરમાં ભગવાન શ્રીરામની મૂર્તિ પ્રતિષ્ઠા સમગ્ર વિશ્વનાં લોકોની પ્રસન્નતામાં વધારો કરી ગઈ. અવિસ્મરણીય ઘટના બની ગઈ. પ્રસન્ન મન ફુલની જેમ ખીલી ઉઠે છે.

વ્યવહારમાં જોઈએ તો પુત્ર/પુત્રીનાં જન્મ સમયે પરીક્ષામાં ઊત્તીર્ણ સમયે, લગ્ન સમયે પ્રસન્નતાપૂર્ણ વાતાવરણથી આપણે બધા પરિચિત છે. કન્યા વિદાય સમયે અપ્રસન્નતા સમજી શકાય તેવી પરિસ્થિતિ હોય છે. શ્રી હરિનાં વ્હાલા વૈષ્ણવો / હરિભક્તોની પ્રસન્નતાનો શ્રી ઠાકોરજીનાં સાક્ષાત્કારમાં છે જે ખૂબ જ અઘરી વાત છે. શ્રી પ્રભુનાં દર્શન / સાક્ષાત્કાર જવલ્લે જ થાય છે. કેટલાક જન્મોનાં પુણ્ય પ્રતાપે શ્રી ઠાકોરજીની ઇચ્છા તથા અનુગ્રહ હોય તો જ શક્ય બને છે અને જો શ્રી હરિનાં દર્શન થઈ જાય તો પ્રસન્નતાની સીમાનો ભંગ થઈ જાય છે. ભગવાનની ભક્તિ ખૂબ જ પ્રભાવશાળી છે પણ આપણું ક્લેવર આપણું હૃદય પવિત્રતા / શુદ્ધતા થી પર છે. તેથી શ્રી ઠાકોરજી આપણાથી કોસો દૂર રહે છે.

84/252 વૈષ્ણવો ધન્યવાદને પાત્ર જરૂરથી છે કે તેમણે શ્રી હરિનો સાક્ષાત્કાર કરેલો છે. પ્રસન્નતાથી જીવન પસાર કરેલ છે. પ્રસન્નતા મનમૂકીને માણવી હોય તો આંતરિક છ શત્રુઓ પર વિજય મેળવી હૃદય કપટ રહિત નિષ્કંચન બનાવી શુદ્ધ ભક્તિભાવથી શ્રી ઠાકોરજીની સેવા તથા સ્મરણ કરવું જેથી જીવનમાં અન્ય કોઈ લૌકીક પદાર્થની અપેક્ષા જ ન રહી શકે. આજના સમયમાં પ્રસન્નતા પર

સ્વ. કિરીટકુમાર કનૈયાલાલ પરીખ પરિવાર (પાટણ-મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.

પડદો પડી ગયો હોય તેમ લાગે છે. જૂજ લોકોનાં નસીબમાં પ્રસન્નતા હોય છે જ્યારે બાકીનો વર્ગ પ્રસન્નતાથી વંચિત હાય છે. શ્રી ઠાકોરજીના લીલાનું શ્રવણ પ્રસન્નતા અનુભવાવે છે.

આજનાં યુવાનો/યુવતીઓ/બાળકો મોબાઈલ–ટીવીની ચુંગલમાં ફસાઈ ગયા છે. મોટેરાઓ પણ બાકાત નથી. પોતાની રીતે ગમે ત્યાંથી પ્રસન્નતા મેળવી લે છે. ક્યારેક પ્રસન્નતામાં અસંસ્કારિતાનાં પણ દર્શન થાય છે. જે જીવનને વિચલીત કરી શકે છે. પ્રસન્નતા દૃષ્ટિમાન નથી પણ અનુભવી ચોક્કસ શકાય છે. ભૂતકાળમાં ડોકીયું કરીશું તો અપ્રસન્નતાનું સામ્રાજ્ય દેખાશે. ભવિષ્યનો વિચાર કરીશું તો શ્રી ઠાકોરજીની ઇચ્છા હશે તો પ્રસન્નતા મીટ માંડીને સ્વાગત માટે ઉભી હશે. આજનો સમય કજિયાખોર દૃષ્ટિમાન થાય છે. ચારેકોર શાંતિનો અભાવ, દોડાદોડવાળું જીવન, વડીલોની આમાન્યાનું સમાપન, મનસ્વી વલણ, ભગવાનની ભક્તિનો અભાવ પછી પ્રસન્નતાને ક્યાં ગોતવી.

આપણે રાત્રે સૂઈ જઈએ છીએ અને સવારે સાજા સવરા ઉઠી છીએ એ જ પ્રસન્નતા શોધવા જવા માટે બહાર જવાની જરૂર રહેતી નથી. પોતાના ઈષ્ટદેવનાં સ્મરણથી શરૂ થતી દિવસની શરૂઆત મન પ્રસન્ન કરી મૂકે છે. કુદરતી સૌન્દર્ય, પક્ષીઓનો મધુર કલરવ, સવારે સંભળાતા પ્રભાતિયા / પ્રુભ ભજનો જીવનમાં પ્રસન્નતા રેલાવે છે. ભગવાન શ્રીકૃષ્ણ કંસના વધ પછી દેવકીજી/ વસુદેવજીને મળ્યા ત્યારે સૂર્યગ્રહણ સમયે કુરુક્ષેત્રમાં નંદજી/યશોદાજીને મળ્યા ત્યારે ધ્રુવજીને દર્શન આપ્યા ત્યારે, ગજેન્દ્ર મોક્ષ સમયે, રામના રાજ્યાભિષેક સમયે ભગવાનની વ્રજની દરેક લીલા વખતે જે પ્રસન્નતા મળી હશે તેનું વર્ણન કરવાની કોનામાં તાકાત છે?

પ્રસન્નતા અંધકારને દૂર કરવાની શક્તિ ધરાવે છે. પ્રસન્નતા સંબંધ/આત્મીયતામાં વધારો કરે છે. ઘણા સમયે બે ભાઈઓ બે બ્હેનો, બે મિત્રો, બે સખી કે કોઈ પણ બે વ્યક્તિ એકબીજાને મળે છે ત્યારે પ્રસન્નતાથી ઝૂમી ઉઠે છે. આંખોમાંથી ગંગા યમુના વહે છે. પણ પ્રસન્નતા અખંડ રહેતી નથી એ આપણા સૌનું દુર્ભાગ્ય છે. જીવનમાં અપ્રસન્નતા વધુ રહે છે એને માટે આપણે બધા જ કોઈને કોઈ રીતે જવાબદાર છીએ. નસીબ અને સંજોગ માણસ સામે ફુલ/કાંટા બન્ને પાથરે છે તેથી પ્રસન્નતાની આપણે પ્રતિક્ષા કરવી પડે છે. પ્રસન્નતા રસ્તામાં પડી નથી. પુષ્ટિમાર્ગમાં ભગવાનને ભક્તનાં દર્શન કરવાથી પ્રસન્નતા થાય છે. શ્રી ઠાકોરજી મોટી ભીડમાંથી પોતાનાં વૈષ્ણવ હરિભક્તોને

નીરખી મનોમન પ્રસન્નતા અનુભવે છે. વૈષ્ણવ શ્રી ઠાકોરજીનાં દર્શન કરી પ્રસન્નતા અનુભવે એ સ્વાભાવિક લાગે.

અંત સમયે પ્રસન્નમુખે આપણે મનુષ્યદેહ છોડીએ તો મનુષ્ય જન્મ સફળ થયો કહેવાય. અસ્તુ !

**- નવીનચંદ્ર દશરથલાલ ગાંધી,**
**મો. નં. : ૯૫૮૬૮૧૭૪૬૦**
**ભરૂચ (હાલ વડોદરા)**

**શ્રી મુંબઈ કચ્છી વાયડા સમાજ**

સુજ્ઞ જ્ઞાતિજનો,

સહર્ષ જણાવાનું કે આ વર્ષે ચૈત્ર સુદ ૬ નો માતાજીનો હવન તા. ૧૪-૪-૨૦૨૪, રવિવારના રોજ યોજેલ છે.

સ્થળ: ગ્રાઉન્ડ ફ્લોર, વિજય સોસાયટી હોલ,
આંબેડકર રોડ, મુલુન્ડ વેસ્ટ
શ્રીફળ હોમવાનો સમયસાંજે ૬.૩૦ કલાકે

**– નિલેષ શાહ, સેક્રેટરી**

**વાયડા વણિક શ્રી વાયડ સંસ્થા - હવન - ઉછામણી**

વાયડામિત્ર માર્ચ ૨૪, ના અંકમાં પાના નં ૨૬ ઉપર પ્રસિધ્ધ થયેલ મેટર નીચે પ્રમાણે વાંચવુ.

ચૈત્ર સુદી ૬ હવનમાં બેસવાના બીજા દંપતીની ચીઠ્ઠી પાંચમની રાત્રે જમ્યા બાદ સંસ્થાની ઓફીસે થશે. જેઓની ઇચ્છા હોય તેમણે ઓફીસે અગાઉથી નામ નોંધાવી દેવા જેનો ન્યોછાવર **રૂ ૭,૫૦૦/– (રૂ. સાત હજાર પાંચ સો પૂરા)** રાખવામાં આવેલ છે. જે વ્યકિતનું નામ ચીઠ્ઠીમાં આવશે તે પાંચ વર્ષ સુધી ફરીથી હવનમાં બેસી શકશે નહી. જેમનું નામ ચીઠ્ઠીમાં આવશે તેમના પુત્ર-પુત્રી હવનમાં બેસી શકશે.

અશ્વિનભાઈ જે. મરચન્ટ (મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.

## શ્રી અમદાવાદ સમસ્ત વાયડા વણિક જ્ઞાતિ

## ભાદરવા સુદ ૬ ને મહા વદ ૫ ચેરીટેબલ ટ્રસ્ટ

વાયડામિત્રમાં ફેબ્રુઆરી, ૨૦૨૪ ના અંકમાં પાના નં ૨૩ ઉપર નીચે પ્રમાણે વાંચવુ.

ઉપર્યુક્ત ટ્રસ્ટ તથા સ્વ. શ્રી ઈન્દુમતીબહેન રમણલાલ શાહ અને સ્વ. શ્રી ચીનુભાઈ આર. શાહ તરફથી મળેલ કાયમી ફંડમાંથી તથા સ્વ. શ્રી જેઠાલાલ અમરતલાલ પરીખ તથા સ્વ. શ્રી વિદ્યાગૌરી જેઠાલાલ પરીખના સ્મરણાર્થે હસ્તે શ્રી રમેન્દ્રભાઈ જે. પરીખ તરફથી મળેલ કાયમી ફંડમાંથી તથા શ્રી વિનુભાઈ બાલુભાઈ પરીખ અને જયદેવીબહેન વિનુભાઈ પરીખ તરફથી મળેલ કાયમી ફંડમાંથી તથા સ્વ. જયંતીભાઈ બાલુભાઈ પરીખ અને સ્વ. મેનાબહેન જયંતીભાઈ પરીખના સ્મરણાર્થે તેમના પુત્ર શ્રી વિપુલભાઈ તરફથી મળેલ કાયમી ફંડમાંથી તથા સ્વ. ગોમતીબેન અમરતલાલની દીકરી તથા સ્વ. અમરતલાલ રણછોડદાસ શાહના સ્મરણાર્થે તેમના ટ્રસ્ટ તરફથી મળેલ કાયમી ફંડમાંથી તથા સ્વ. મંગુબેન પ્રાણલાલ પરીખ, સ્વ. લલીતાબેન મોહનલાલ પરીખ તથા સ્વ. મોહનલાલ અચરતલાલ પરીખના સ્મરણાર્થે સ્વ. બહેન પ્રભાલક્ષ્મી મોહનલાલ પરીખ ટ્રસ્ટ તરફથી મળેલ કાયમી ફંડમાંથી...

**– શ્રી રમેન્દ્રભાઈ જે. પરીખ**
**પ્રમુખ**

**વાયડ રસોડા ટ્રસ્ટ**

વાયડ રસોડા ટ્રસ્ટની મીંટીગ સંવત ૨૦૮૦, તા. ૧૪-૪-૨૦૨૪ને રવિવારે, બપોરે ૧.૦૦ વાગ્યે રાખવામાં આવેલ છે. સર્વે ટ્રસ્ટીઓએ હાજર રહેવા વિનંતી.

– શશાંકભાઈ આઈ. શાહ, પ્રમુખ, શ્રી વાયડ રસોડા ટ્રસ્ટ

પ.પૂ.ગો. શ્રી તિલકબાવાશ્રી દ્વારા ડો. પિયુષ પરીખનું સન્માન તા. ૧૦/૩/૨૦૨૪ ના રોજ શ્રી ગોવર્ધનનાથજીની હવેલી, ભરુચમાં થયું. ડો. પિયુશભાઈ પરીખ દ્વારા છેલ્લા ઘણા વર્ષોથી શ્રી વલ્લભાખ્યાન ગ્રંથ પર સત્સંગ થયી રહયો છે તેની સરાહના તથા આશિર્વાદ આપશ્રી એ પ્રદાન કર્યા હતાં.

**– તંત્રી**

મથરાદાસ મોતીચંદ શાહ અને પરિવાર (ભુજ)ના જય શ્રી કૃષ્ણ.

જેઠાલાલ કલ્યાણજી પરિવાર, ભૂજ ના જય શ્રી કૃષ્ણ.

# હવન (કડી)

દર સાલ મુજબ ચાલુ સાલે માતાજીના પાટોત્સવ નિમિત્તે સં. 2080 ના વૈશાખ સુદ–5 ને રવિવાર તા. 12-5-2024 ના રોજ કડી મુકામે હવન રાખેલ છે. સર્વે જ્ઞાતિજનોને આ ધાર્મિક પ્રસંગે પધારવા હાર્દિક નિમંત્રણ છે. સવારે તેમ જ સાંજે પ્રસાદની વયવસ્થા રાખેલ છે. બહારગામથી આવનાર દરેકે અગાઉથી તા. 7-5-2024 સુધી જાણ કરવાની રહેશે.

સ્થળ : પટવાપોળ, કડી(ઉ.ગુ.)

શ્રીફળ હોમવાનો સમય : સાંજે 6-00 કલાકે

**– બકુલ રામલાલ પરીખ**

મો. નં. 9825334913

## વાચકનો પ્રતિભાવ

'શ્રી શ્રેણિકભાઈ, માર્ચ મહીનાનો અંક મળ્યો, અતિશય આકર્ષક અને સુંદર છે, મુખપૃષ્ઠ અને છેલ્લા કવર પેજના ચિત્રો ખૂબ મનમોહક છે. યાત્રા પરીખ તથા રૂષિ શાહને ખૂબ ખૂબ અભિનંદન, આપણી જ્ઞાતિની આવી પ્રતિભાઓ તેમના માતા પિતા તથા જ્ઞાતિનું ગૌરવ છે. તેમને શુભેચ્છા તથા અભિનંદન.'

– ડો. પિયુષ પરીખ, ભરુચ

– ઘણા બધા જ્ઞાતિજનોએ માર્ચ, ૨૦૨૪ ના અંકમાં મુખપૃષ્ઠ ઉપર છાપેલ રંગોળી માટે રૂષિ શાહ અને યાત્રા પરીખને અભિંદન પાઠવ્યા છે. જ્ઞાતિજનો યાત્રા પરીખ ને મો. ૮૮૬૬૪ ૨૬૪૦૪ તથા રૂષિ શાહને મો. ૯૪૨૯૮ ૩૧૭૬૩ પર અભિનંદન આપી શકે.

**– તંત્રી**

સ્વ. જયાબહેન જેઠાલાલ ખેંગાર શાહ, મુલુન્ડ, મુંબઈ પરિવારના જય શ્રી કૃષ્ણ.

# શ્રી વાયડ રસોડા ટ્રસ્ટ

વિક્રમ સંવત ૨૦૮૦ના ચૈત્ર માસનાં શ્રી વાયડ સંઘ દરમ્યાન દર્શનાર્થે આવનાર સર્વે જ્ઞાતિજનોને બન્ને સમયે પ્રસાદ ગ્રહણ કરવા માટે શ્રી વાયડ રસોડા ટ્રસ્ટ તરફથી તિથીવાર નિમ્ન દર્શીત સહયોગીઓ તરફથી હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવે છે.

| તિથિવાર | તારીખ | રકમ રૂા. | મુખ્ય સહયોગી (દાતા) |
|---|---|---|---|
| ચૈત્ર સુદ–૪ | ૧૨–૪–૨૪ શુક્રવાર | ૫૦,૦૦૦/– | શ્રીમતી કાંતાબહેન રામદાસ પરીખ પાટણ હસ્તે : તરલાબહેન જીતેન્દ્રભાઈ પરીખ |
| | | ૫૦,૦૦૦/– | ગો.વા. શ્રી લલિતકુમાર જયકિશનદાસ પરીખ પાટણનાં સ્મરણાર્થે હસ્તે : હ્રજિકાબહેન લલિતભાઈ પરીખ, પાટણ |
| ચૈત્ર સુદ–૫ | ૧૩–૪–૨૪ શનિવાર | ૫૧,૦૦૦/– | સ્વ. સવિતાબહેન રામલાલ પરીખ હસ્તે : જીતેન્દ્રભાઈ પરીખ, કડી |
| ચૈત્ર સુદ–૬ | ૧૪–૪–૨૪ રવિવાર | ૧,૦૦,૦૦૦/– | શ્રી પ્રકાશભાઈ પરીખ, પાટણ (હાલ અમેરિકા) |
| | | ૧,૦૦,૦૦૦/– | સ્વ. જેઠાલાલ અચરતલાલ પરીખ તથા સ્વ. વિદ્યાગૌરી જેઠાલાલ પરીખ હસ્તે : શ્રી રમેન્દ્ર પરીખ |
| | | ૧,૦૦,૦૦૦/– | ડૉ. સંજયભાઈ દેવીદાસભાઈ ગાંધી, ડીસા |
| | | ૧,૦૦,૦૦૦/– | સ્વ. શ્રી શ્યામલાલ નટવરલાલ પરીખ હસ્તે : પરીવારજનો તરફથી |
| | | ૧,૦૦,૦૦૦/– | સ્વ. જીવીબહેન વશનજી શાહ (એડનવાલા) હસ્તે : વશનજી માધવજી શાહ પરીવાર, લંડન |
| | | ૧,૦૦,૦૦૦/– | ગં.સ્વ. જયાબહેન ભગવાનદાસ શાહ હસ્તે : ભગવાનદાસ નારણદાસ શાહ પરીવાર, દિનેશભાઈ સિંગાપુર |
| | | ૧,૦૦,૦૦૦/– | શ્રી કચ્છી વાયડા સમાજના માતાજીના ભક્તો તરફથી, હસ્તે : માતાજીના ભક્તો, મુંબઈ |
| | | ૧,૦૦,૦૦૦/– | ગં. સ્વ. લીલાવતીબહેન ભોગીલાલ શાહ હસ્તે : ભોગીલાલ ચાંપશી પરીવાર, મુંબઈ |
| | | ૧,૦૦,૦૦૦/– | ગં. સ્વ. શાંતાબહેન શાંતિલાલ શાહ હસ્તે : શાંતિલાલ મકનજી શાહ પરિવાર, મુંબઈ |

## આર.વી જ્વેલર્સ (ભરુચ) ના સૌજન્યથી

| તિથિવાર | તારીખ | રકમ રૂા. | મુખ્ય સહયોગી (દાતા) |
|---|---|---|---|
| | | ૧,૦૦,૦૦૦/- | સ્વ. મંજુલાબહેન બેચરદાસ શાહ હસ્તે : મથરાદાસ મોતીચંદ શાહ પરીવાર, ભુજ |
| | | ૧,૦૦,૦૦૦/- | શ્રી કચ્છી વાયડા સમાજના માતાજીના ભક્તો તરફથી હસ્તે માતાજીના ભક્તો, મુંબઈ |
| | | ૧,૦૦,૦૦૦/- | શ્રી જસવંતભાઈ છોટાલાલ શાહ, ઘાટકોપર, મુંબઈ |
| | | ૧,૦૦,૦૦૦/- | શ્રીમતી માલતીબહેન જસવંતભાઈ શાહ, ઘાટકોપર, મુંબઈ |
| | | ૧,૦૦,૦૦૦/- | ડૉ. સંજયભાઈ દેવીદાસભાઈ ગાંધી |
| | | ૧,૦૦,૦૦૦/- | સ્વ. બહેન પ્રભાલક્ષ્મી મોહનલાલ પરીખ તથા સ્વ. શોભનાબહેન જીતેન્દ્રભાઈ શાહના સ્મરણાર્થે હસ્તે : જીતેન્દ્રભાઈ મધુકરભાઈ શાહ, અમદાવાદ |
| | | ૫૦,૦૦૦/- | ઘનશ્યામલાલ કૃષ્ણલાલ પરીખ (કડીવાળા) |
| | | ૫૦,૦૦૦/- | સ્વ. રામદાસ ચુનીલાલ પારેખ હ. ભરતભાઈ પરીખ – અમેરિકા |
| | | ૫૦,૦૦૦/- | તિલોત્તમાબેન પ્રવીણચંદ્ર પરીખ – અમદાવાદ |
| | | ૫૦,૦૦૦/- | પ્રવીણચંદ્ર બાબુલાલ પરીખ – અમદાવાદ |
| ચૈત્ર સુદ-૭ | ૧૫-૪-૨૪ સોમવાર | ૫૦,૦૦૦/- | સ્વ. ઈન્દુમતીબહેન રમણલાલ શાહ કડી હસ્તે : શ્રી ચીનુભાઈ રમણલાલ શાહ, અમદાવાદ |
| ચૈત્ર સુદ-૮ | ૧૬-૪-૨૪ મંગળવાર | ૫૦,૦૦૦/- | સ્વ. રમણલાલ કાળીદાસ શાહ, કડી હસ્તે : શ્રી ચીનુભાઈ રમણલાલ શાહ, અમદાવાદ. |

**– શશાંકભાઈ આઈ. શાહ, પ્રમુખ, શ્રી વાયડ રસોડા ટ્રસ્ટ**

**મે. ભરૂચ સ્ટીલ ટ્રેડર્સ – મે. શ્રીજી ટ્રેડર્સ (ભરૂચ)ના સૌજન્યથી.**

ગં સ્વ. સરસ્વતીબહેન ઝવેરીલાલ શાહના જય શ્રી કૃષ્ણ.

**અમદાવાદ દશા વાયડા વણિક જ્ઞાતિ**

હોળી–ધૂળેટી એટલે રંગોત્સવ, રંગોનું પર્વ. તેમાંય ભોજનનો સ્વાદ ભળે એટલે તેની મજા બેવડી થઈ જાય.

અમદાવાદ દશા વાયડા વણિક જ્ઞાતિ તરફથી માર્ચ ૨૫, ૨૦૨૪ના રોજ સાંજે 7-00 વાગે જ્ઞાતિજનો માટે ઉજાણી રાખવામાં આવી હતી. જેમાં 115 જેટલા જ્ઞાતિજનોએ ઉત્સાહથી ભાગ લીધો હતો.

જ્ઞાતિની બહેનો અને દીકરીઓને સપરિવાર ઉજાણીમાં વિશેષ આમંત્રણ આપવામાં આવ્યું હતું. હવેથી, જ્ઞાતિની દરેક ઉજાણીમાં બહેનો અને દીકરીઓને આમંત્રણ છે. ઉમંગ અને ઉલ્લાસથી ધૂળેટીની ઉજવણી કરીને સૌએ ભોજનનો આસ્વાદ માણ્યો.

ઉજાણીનો હેતુ જ્ઞાતિજનો એકબીજાને મળે, વિચારોની આપલે કરે, આત્મીયતા બંધાય તે છે.

**– કિરણ શાહ**
**મંત્રી, અ.દ.વા.વ. જ્ઞાતિ**

## અભિનંદન

આપણી જ્ઞાતિના અમદાવાદના કદમ સૌરીનભાઈ પરીખને ભારત સરકારની મિનીસ્ટ્રી ઓફ કલ્ચર તેમ જ સેન્ટ્રલ સંગીત નાટક અકાદમીના ઉપક્રમે 2022 ના વર્ષ માટે ‘ઉત્સાદ બિસ્મિલાહખાન યુવા પુરસ્કાર’ એનાયત કરવામાં આવ્યો છે.

આ એવોર્ડ પ્રતિ વર્ષ આપવામાં આવે છે. જેમાં ભારતભરમાંથી એક આર્ટીસ્ટને પસંદ કરવામાં આવે છે.

કદમ પરીખ ૨૨ વર્ષથી ડાન્સ ગુરુ મૌલિક શાહ અને ઇશિરા પરીખ પાસે કથક નૃત્યની તાલીમ લઈ રહ્યા છે. અમદાવાદ શહેરમાં ક્લાસિકલ ડાન્સ ફોર્મમાં પુરુષ ડાન્સરની સંખ્યા નહીંવત્ છે, ત્યારે યુવા કથક ડાન્સર કદમ પરીખ ૩૯ વર્ષની વયે કથક પ્રત્યેનો પ્રેમ સાબિત કરી ટ્રેડીશનલ આર્ટ ફોર્મને નવી રીતે રજૂ કરી રહ્યાં છે.

આ માટે કદમ પરીખને ખૂબ ખૂબ અભિનંદન

**– તંત્રી**

સ્વ. કુસુમબહેન મનમોહનદાસ પરીખ(પાટણ)ના સર્વેને જય શ્રી કૃષ્ણ. હ. સુજલ પરિમલભાઈ પરીખ

ધનાબહેન ગોપાલજી શાહ (માંડવી, કચ્છ) પરિવારના જય શ્રી કૃષ્ણ.

## શ્રી અમદાવાદ દશા વાયડા વણિક મહિલા મંડળ
## અહેવાલ

મંડળનો ચાલુ વર્ષનો રસિયાનો પ્રોગ્રામ તા. 16-3-2024 ને શનિવારના રોજ વાયુદેવતા હોલમાં યોજવામાં આવ્યો હતો.

આપણે સહુ જાણીએ છીએ કે વ્રજમાં અને આપણાં મંદિરોમાં હોળીનો ઉત્સવ ખૂબ ધામધૂમથી ઉજવાય છે. મંદિરોમાં વસંત–ધમાર અને રસિયાગાન થાય છે. તેથી રસિયાનો આનંદ લેવા મંડળની બહેનો આવી હતી. બધી બહેનોનું લીંબુ શરબત દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું.

ખૂબ સુંદર સજાવટ સાથે, યમુનાષ્ટકનો પાઠ કરી, કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી. બધી બહેનોએ વારાફરતી એક પછી એક રસિયા ગાયા. રસિયાના પદ એટલા સુંદર છે કે હાથ, તાળી પાડયા વગર અને પગ, નાચ્યા વગર રહે નહીં. અબીલ–ગુલાલ, ફગવા–ગુલાબ અને પીળા ફૂલોથી ઠાકોરજીને ખેલાવ્યા અને પછી બહેનો ખેલી. હોલ તો જાણે વ્રજ બની ગયો અને એ વાતની પૂર્તિ ત્યારે થઈ કે જ્યારે મોર–ઢેલ તેના બચ્ચા સાથે આવ્યા હતાં. બધા ખૂબ ભાવવિભોર બની ગયા કે સાચ્ચે જ આ પ્રોગ્રામ હોળી ખેલનો ઉત્સવ બની ગયો. અંતે આશ્રયગાન ના પદ બાદ કાર્યક્રમની સમાપ્તિ થઈ.

અત્રે ઉલ્લેખનીય છે કે ગીતાબેન પરીખ અને ગીતાબેન શાહ, જયદેવીબેન, કુમુદબેન નાદુરસ્ત તબીયત હોવા છતાં પણ રસિયાનો આનંદ લેવા આવ્યા હતા અને અમને બધાને પ્રોત્સાહીત કર્યા હતા. અંતે મંડળ તરફથી નાસ્તો આપવામાં આવ્યો હતો.

શોભનાબેન નયનભાઈ શાહ તરફથી તેમના 75માં વર્ષ નિમિત્તે બધાને આઈસ્ક્રીમ આપવામાં આવ્યો હતો. ફગવાના પેકેટ અલકાબેન તરફથી તથા પ્રસાદના પેંડા નીતાબેન તરફથી આપવામા આવ્યા હતાં. લીંબુ શરબત શોભનાબેન સુનીલભાઈ તરફથી આપવામાં આવ્યું હતું.

ગીતાબેન આર. પરીખ તરફથી મંડળને 1000/- રૂપિયાની ભેટ આપવામાં આવી હતી. બધાએ તાળીઓથી વધાવી લીધા. મંડળે તેમનો આભાર માન્યો. અંતે સૌ જય શ્રી કૃષ્ણ કહી વિખરાયાં.

**જયશ્રીબેન શાહ**
**પ્રમુખ**

**લીનાબેન શાહ**
**મંત્રી**

એમ.જે.નગરશેઠ (અમેરિકા) ના જય શ્રી કૃષ્ણ

## યમુનાવાડી – પાટણ

યમુનાવાડીના વિકાસ માટે જ્ઞાતિજનોનો સહકાર પ્રાપ્ત થતો રહ્યો છે. ગયા અંકમાં મદદ માટે પ્રાપ્ત થયેલ વચનો અને રકમોની વિગત દર્શાવી હતી. આ માસમાં નીચે પ્રમાણેની રકમ પ્રાપ્ત થઈ છે.

1,00,000-00 બંસરીબેન રમેશભાઈ પરીખ – મુંબઈ
1,00,000-00 દીપકભાઈ કે. પરીખ તથા અંજુબેન દીપકભાઈ પરીખ – પાટણ
1,00,000-00 સ્વ. પરમાનંદભાઈ જે. પારેખ તથા કોકીલાબેન પી. પારેખ હ. રાજ પારેખ
50,000-00 સુનીલભાઈ પુરુષોત્તમદાસ શાહ – મહેસાણા
50,000-00 જ્યોતિબેન સુનીલભાઈ શાહ – મહેસાણા
51,000-00 રોહીતભાઈ સી. પરીખ તથા વિજયભાઈ સી. પરીખ – વડોદરા
15,000-00 દીગંત એસ. પરીખ – અમદાવાદ

"યમુના વાડી"માં ટુંક સમયમાં ઉપરના માળે એરકન્ડીશન્ડ હોલ અને બે રૂમોનું બાંધકામ શરૂ થશે.

"યમુનાવાડી"માં નીચેના માળે યમુના મહારાણીમાના સુંદર અને આકર્ષક ચિત્રજી પધરાવવાનું નક્કી કર્યું છે જેથી પાટણનાં જ્ઞાતિજનો અને નગરજનો દર્શનનો લાભ લઈ શકે. આ માટે જેમની મદદ કરવાની ભાવના હોય તે શ્રી હરીશભાઈ પરીખનો સંપર્ક કરે તેવી વિનંતી છે. તેમના નામથી સૌજન્ય લખવામાં આવશે.

આ માસમાં "યમુનાવાડી"માં વિવિધ કાર્યક્રમો થયાં.

હોળીના રસિયાનો કાર્યક્રમ પણ થયો. વાડીનો ઉપયોગ વધતો જાય છે તેનો આનંદ છે.

આપના વડીલોના તૈલચિત્રો મુકાવવાના બાકી હોય તો જરૂરથી મુકાવો અને વિકાસ માટે સહકાર આપો. આપના તૈલચિત્રો પણ જરૂરથી મુકાવો. આવો, આપણે સૌ સાથે મળી સમસ્ત જ્ઞાતિને ગૌરવ પ્રાપ્ત થાય તેવી વાડીનું નિર્માણ કરીએ.

| ડૉ. રોહીતભાઈ જે. શાહ | શરદભાઈ પી. શાહ | હરેશભાઈ એમ. પરીખ |
|---|---|---|
| પ્રમુખ | ચેરમેન | પ્રમુખ |
| પાટણ દશા વાયડા જ્ઞાતિ | "યમુનાવાડી" | ઉત્કર્ષ મંડળ |

## શ્રી અમદાવાદ સમસ્ત વાયડા વણિક જ્ઞાતિ
## ભાદરવા સુદ-૬ તથા મહા વદ - ૫ ચેરીટેબલ ટ્રસ્ટ

### તા. ૨૯-૨-૨૦૨૪, મહા વદ ૫, ગુરુવાર ના રોજ મળેલ ભેટનું લીસ્ટ

| અ.નં. | નામ | રૂપિયા |
|---|---|---|
| 1) | બીનીતાબેન વી. ગાંધી | 500/- |
| 2) | ગૌતમભાઈ જી. શાહ | 500/- |
| 3) | પ્રશાંત એમ. શાહ | 200/- |
| 4) | પ્રફુલબેન જી. શાહ | 250/- |
| 5) | એક જ્ઞાતિજન | 1000/- |
| 6) | પિનાકીન જી. પરીખ. | 1000/- |
| 7) | એક જ્ઞાતિજન | 500/- |
| 8) | એક જ્ઞાતિજન | 200/- |
| 9) | ભાવનાબેન જે. શારદા | 200/- |
| 10) | શરદભાઈ જે. પરીખ | 250/- |
| 11) | ગીરા આર. શાહ | 100/- |
| 12) | મધુસુદન કે. શાહ | 200/- |
| 13) | એક જ્ઞાતિજન | 200/- |
| 14) | વૈશલ જે. શાહં | 1000/- |
| 15) | ઉમાકાંતભાઈ જે. પરીખ | 500/- |
| 16) | ઈના યુ. પરીખ | 500/- |
| 17) | એક જ્ઞાતિજન | 200/- |
| 18) | રમેન્દ્રભાઈ જે. પરીખ | 1000/- |
| 19) | સુભાષભાઈ એમ. શાહ | 500/- |
| 20) | સુશીલાબેન એન. શાહ | 1000/- |
| 21) | હાર્દિકભાઈ શાહ | 500/- |
| 22) | નીખીલ જે. શાહ | 500/- |
| 23) | વિક્રમ વી. શાહ | 750/- |
| 24) | જયશ્રીબેન વી. શાહ | 200/- |

| | | |
|---|---|---|
| 25) | રક્ષાબેન એન. શાહ | 200/- |
| 26) | ઈલાબેન કિનખાબવાલા | 300/- |
| 27) | જીગર આર. શાહ | 300/- |
| 28) | બેલાબેન આર. શાહ | 200/- |
| 29) | ભારતીબેન બી. શાહ | 250/- |
| 30) | કલ્પનાબેન એ. શાહ | 100/- |
| 31) | આશાબેન એમ. દેસાઈ | 200/- |
| 32) | ચંદ્રિલભાઈ એન. શાહ | 250/- |
| 33) | વસંતભાઈ ડી. ચોક્સી | 200/- |
| 34) | નેહા દેસાઈ | 100/- |
| 35) | કૃષ્ણલાલ એમ. કાશીપારેખ | 1000/- |
| 36) | આશીષ જે. શાહ | 300/- |
| 37) | આશીષ જે. શાહ | 700/- |
| 38) | નીતીન પરીખ | 500/- |
| 39) | સૌમીલ વાય. પરીખ | 200/- |
| 40) | વસંતભાઈ શાહ | 100/- |
| 41) | કૌશીકભાઈ એન. શાહ | 150/- |
| 42) | પંકજભાઈ રમણલાલ પરીખ | 500/- |
| 43) | સૌરભ જીતેન્દ્રભાઈ શાહ | 500/- |
| 44) | કેતન કે. શાહ | 250/- |
| 45) | ધીરેનભાઈ કે. પરીખ | 1000/- |
| 46) | માલાબેન મોદી | 250/- |

**કુલ** **૧૯,૩૦૦/–**

ઉપરોક્ત ટ્રસ્ટના ટ્રસ્ટીઓ સર્વે દાતાઓનો હૃદયપૂર્વક આભાર માને છે.

**– રમેન્દ્ર જે. પરીખ**

**પ્રમુખ**

પ્રદીપ નવનીતલાલ શાહ પરિવાર (પૂના)ના સર્વે જ્ઞાતિજનોને જય શ્રી કૃષ્ણ

ધીરેનભાઈ કાંતિલાલ પરીખ પરિવારના સર્વે જ્ઞાતિજનોને જય શ્રી કૃષ્ણ

# જ્ઞાતિ સમાચાર

**સમાચાર–સંપાદક : દીપક મહેન્દ્રભાઈ શાહ, દીપક મહેન્દ્રભાઈ શાહ, ૪૦, આરોહી રેસીડેન્સી, બિલોરી સોલિટેર પાસે, સાઉથ બોપલ, અમદાવાદ – ૩૮૦ ૦૫૮**

(M) 98791 10027, E-Mail : dmshah2163@gmail.com

૧.) વાયડામિત્ર નહીં મળવા અંગેની ફરિયાદ માત્ર એસ.એમ.એસ., વોટ્સ એપ અથવા પત્ર દ્વારા **ફક્ત વ્યવસ્થાપકને** જ મોકલવી જેથી બીજો અંક પોસ્ટ દ્વારા મોકલી શકાય. મેસેજમાં પોતાનું હાલનું અને જૂનું સરનામુ ખાસ લખવું.

૨.) જ્ઞાતિ સમાચાર **ફક્ત સમાચાર સંપાદકશ્રીને** જ મોકલવા.

૩.) લેખ, કવિતા તથા અહેવાલ **ફક્ત તંત્રીશ્રીને** જ મોકલવા.

૪.) શ્રધ્ધાંજલિ અને જા.ખ **ફક્ત વ્યવસ્થાપકશ્રીને** જ મોકલવા.

## પરીક્ષા પાસ : ચંદ્રક એનાયત અભિનંદન

**મુંબઈ :** ડિમ્પલ અને આનંદ અમૃતલાલ વાયડાના સુપુત્ર ચિ. નમન (ઉ. વર્ષ 8)ને નીચેના પારિતોષિકો પ્રાપ્ત થયા છે.

(1) Gold Medal in SOF National cyber olympiad - 2023 for international Rank 1

(2) Gold Medal in SOF international Mathematics Olympiad - 2023 for international Rank 13

(3) All India shotokon Karate Championship - 2023

- (a) Gold Medal in Kumite
- (b) Bronze Medal in Kata

## લગ્ન

**પાટણ :** હાલ ભરુચ નિવાસી શ્રી કિશોર નંદલાલ પરીખના સુપુત્ર ચિ. રવિ ના શુભ લગ્ન અમદાવાદનિવાસી શ્રી પ્રકાશભાઈ હિરાલાલ આચાર્યની સુપુત્રી ચિ. શિવાની સાથે તા. 27-2-2024 ના રોજ સંપન્ન થયાં. આ પ્રસંગે શ્રી કિશોરભાઈ પરીખ તરફથી વાયડામિત્રને રૂ. 2501/- ભેટ આપેલ છે.

અંતિમક્રિયા માટે ગેસ અને વિદ્યુત ચિતાના ઉપયોગ માટે આગ્રહ રાખોઃ પ્રિયમુખ

## અવસાન

ભૂજ : મૂળ રાજકોટના ચંદ્રપ્રભાબેન ઠાકરસી શાહ
ઉ. વ. 78, તા. 7-3-2024

અમદાવાદ : સુલોચનાબેન અશોકભાઈ પરીખ
ઉ. વર્ષ 77, તા. 9-3-2024

અમદાવાદ : કમલેશભાઈ મનમોહનદાસ પરીખ (પાટણ), ઉ.વ. ૭૫,
તા. ૨-૩-૨૦૨૪

**નોંધ :** આથી તમામ જ્ઞાતિજનોને જણાવવાનું કે જ્ઞાતિનું whatsapp group (GCV) ચાલે છે તેના ઉપર અવસાન તથા વિવિધ સમચારો જે તે જ્ઞાતિજન દ્વારા મૂકવામાં આવે છે. જેમાંથી વાયડામિત્ર ટીમ દ્વારા (સંપાદકશ્રી દ્વારા) જ્ઞાતિ સમાચારમાં છાપવા લેવામાં આવે છે જેથી કોઈ અલગ રીતે કદાચ ન મોકલી શકે તો પણ જ્ઞાતિ સમાચારમાં આવી જાય. પરંતુ હમણાં ધ્યાન ઉપર આવેલ છે કે અમુક જ્ઞાતિજન દ્વારા જેના અવસાનના સમાચાર GCV ઉપર મુકેલ તેઓ આપણી જ્ઞાતિના વ્યક્તિ ન હતાં. આથી દરેક જ્ઞાતિજનોને ખાસ વિનંતી છે કે આપણી જ્ઞાતિના whatsapp group ઉપર માત્ર આપણી જ્ઞાતિના વ્યક્તિનાં જ સમાચાર મૂકવા.

– તંત્રી

## લગ્નવિષયક

મૂળ કચ્છના હાલ વડોદરા સ્થિત કુટુંબના IT Company પૂનામાં સર્વિસ કરતા માંગલિક યુવક માટે સુયોગ્ય યુવતીના વાલી તરફથી જન્માક્ષર, બાયોડેટા અને ફોટોગ્રાફ નીચે આપેલ મોબાઈલ નંબર પર what'sapp કરશો.
મો. 9998 976409, 99989 65773

ઉંમર : 25 વર્ષ
ઉંચાઈ : 5 ફીટ 11 ઈંચ
વજન : 90 kg
અભ્યાસ : B.Tech. (IT) Nirma University

સ્વ. મંજુલાબહેન રસિકલાલ શાહ (કડીવાળા)ના જય શ્રી કૃષ્ણ

## Receipts till 25-3-2024

| R.Number | Name | Amout | Towards Which |
|---|---|---|---|
| 142 | Ahmedabad Dasha Vayda Vanik Gnati | 600 | Advertisment |
| 143 | Rjp Infrasture Pvt. Ltd. | 2100 | Diwali Adv. |
| 144 | J J Parikh & Brothers | 12100 | Title-3 Adv. + Diwali Adv. |
| 145 | Bharatbhai Arvindbhai Shah | 2100 | Diwali Adv. |
| 146 | Kishorbhai Nandlal Parikh | 2501 | Diwali Adv. |
| 147 | Arunbhai Rasiklal Shah | 800 | Panel Adv. |
| 148 | Hiteshbhai Laljibhai Shah | 2400 | Panel Adv. |
| 149 | Rajeshbhai Bachubhai Shah | 5000 | Community Mes sage, Adv. Diwali Adv. |
| 150 | Amrutbhai Muljibhai Vayda | 600 | Advertisement |
| 151 | Dr. Piyushbhai Nandlal Parikh | 100 | Donation Income |
| 152 | Sonalben Himanshubhai Dalal | 600 | Advertisement |
| 153 | Gaurangbhai Rameshbhai Shah | 600 | Advertisement |
| 154 | Labh Polymers | 1000 | Diwali Adv. |
| 155 | Prernaben Kiritbhai Parikh | 1200 | Advertisement |
| 156 | Shree Vayad Construction | 13,700 | Title 2 Adv. +Diwali Adv. + Panel Adv. |
| 157 | Krupali Corporation | 500 | Diwali Adv. |
| 158 | Vinubhai Balubhai Parikh | 2000 | Community Messanger Adv. |
| 159 | Sanjaybhai Chandrakantbhai Parikh | 3550 | Diwali + Panel Adv. |
| 160 | Harshadbhai Ghanshyamlal Parikh | 2900 | Diwali+Panel Adv. |
| 161 | Harishbhai Ramjibhai Vayada | 2900 | Diwali+Panel Adv. |
| 162 | J. K. Investment | 500 | Diwali |
| 163 | Merveillebhai Jagdishchandra Nagarsheth | 1600 | Panel Adv. |
| 164 | Gauri Shah Brothers | 1800 | Diwali+Panel Adv. |
| 165 | Madhusudanbhai Kantilal Shah | 1600 | Panel Adv. |
| 166 | Coronet | 2100 | Diwali Adv. |

ગં. સ્વ. લતાબહેન રમેશચંદ્ર પરીખ (પાટણ)ના જય શ્રી કૃષ્ણ


ઉદય બિલ્ડકોન પ્રા. લિ. (અમદાવાદ)ના સૌજન્યથી






સ્વ. નિરંજનાબહેન તથા સ્વ. કાંતિલાલ મોતીલાલ શાહ (દેત્રોજ) અને પરિવારના જય શ્રી કૃષ્ણ

સ્વ. નંદલાલ કાંતિલાલ પરીખ (પાટણ–અમદાવાદ) અને પરિવારના જય શ્રી કૃષ્ણ




કોમેટ ઈન્ડસ્ટ્રીઝ (અમદાવાદ)ના સૌજન્યથી

સ્વ. કાંતિલાલ કૃષ્ણલાલ પરીખ (કડી) અને પરિવારના જય શ્રી કૃષ્ણ




સ્વ. રતનલાલ ભેરુલાલ કશ્યપ (નાગપુર) અને પરિવારના જય શ્રી કૃષ્ણ

# સ્મરણાંજલિ







## અ.સૌ. આશાબેન હર્ષદભાઈ પરીખ

જન્મ : ૨૦-૮-૧૯૫૨ ● શ્રીજીચરણ : ૨૨-૪-૨૦૨૧

### સત્ય

જેને શસ્ત્રો મારી નથી શકતા, જેને અગ્નિ બાળી નથી શકતો,
જેને પાણી ડુબાડી નથી શકતું, જેને પવન સુકવી નથી શકતો.

જેને યુગોથી કોઈ જોઇ નથી શક્યું એવો આત્મા તમારા દેહ રૂપી ઘરમાં રહી મારી સાથે ૪૬ વર્ષ સુધી ખૂબ જ પ્રેમથી રહ્યો અને દ્રષ્ટિ વિહીન આંખોથી તમને જોઈ નથી શકતો પરંતુ મગજમાં વિચારવાની સાથે જ તમે સહદેહે મગજથી દેખાઈ જાઓ છો.

તમને કોટિ કોટિ વંદન

હર્ષદ શ્યામલાલ પરીખ (મૌન) : ૯૩૨૭૦૦૬૩૭૨

નેહા દક્ષેશ શાહ | નિધિ પાર્થેશ દવે

દક્ષેશ જીતેન્દ્રભાઈ શાહ | પાર્થેશ પ્રધુમ્નભાઇ દવે

તનિષ્કા - ત્વિષા - આર્યા

*Best Wishes From*



# Shri Jethalal Acharatal Parikh & Smt. Vidhyagauri Jethalal Parikh Family

**RJP Infrastructure Pvt. Ltd.**
**Civil Engineers & Contractors - Since 1970**
**An ISO 9001 : 2008 Company**
4th Floor, **RJP House,** Anandnagar Cross Road,
Satellite, Ahmedabad-380015.
079-26931248, 49, 52

**J.J. Parikh & Brothers**
**Pharmaceutical Distributors**
**Since 1947**
Mahakant Building, Opp. V.S. Hospital,
Ellisbridge, Ahmedabad-380006.
079-26576493, 26575693

**J. Bipinchandra & Co.**
**Pharmaceutical Distributors**
**Since 1990**
Nagarshethno Vando & Biscuit Gali,
Nr. Pankor Naka, Ahmedabad-380001.

**J. J. Parikh Pharma Pvt. Ltd.**
**Pharmaceutical Distributors**
**Since 1996**
**C & F Agent for Pharmaceutical Companies**
Vidhya Estate, Nr. Ekta Hotel,
Sarkhej, Ahmedabad.

**Late Shri Jashubhai J. Parikh - Adv.**
**Mrugesh J. Parikh – Advocate**
**Panel Advocate of more than 15 insurance companies**
3rd Floor, Hasubhai Chambers, Nr. Town Hall,
Ellisbridge, Ahmedabad-380006.
079-26577317

**JARUN Pharmaceuticals Pvt. Ltd.**
**Pharmaceutical Company**
**Since 2007**
Vidhya Estate, Nr. Ekta Hotel,
Sarkhej, Ahmedabad. Tele. No. 9426700326

**Ramendra – Gita Parikh**
**Keval – Kinnari**
**Chinmayee, Sharman**
**Vrajesh – Shefali Shelat**
**Om, Arjun**

**Jashubhai - Kokilaben Parikh**
**Harshul - Alpa, Mrugesh - Ratna**
**Bhrita - Aakar Choksi**
**Darsh - Ankita, Parita, Darshil,**
**Bakul - Nita Dalal**
**Meera - David Burns**
**Chinmay - Natasha Dalal**

**Umakant – Maya Parikh**
**Ina**
**Hiren – Shruti**
**Harshank, Mishika**
**Bhavesh – Shital Choksi**
**Shivam, Ritika**

Registered under Postal Registration No. MEH-296/2022-2024 valid up to 31st December-2024 issued by SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 10th of every month.
પ્રકાશન ૧૦/૪/૨૦૨૪



## ઈન્દુભાઈ ડાહયાભાઈ શાહ પરિવાર

### તથા સર્વે કુટુંબીજનોના જય શ્રી કૃષ્ણ

મધુબન, અપંગ માનવ મંડળ પાસે, ડો. વિક્રમ સારાભાઈ રોડ,
અટીરા, અમદાવાદ – ૩૮૦ ૦૧૫

**PRINTED BOOK April 24**

If undelivered please return to: **SHRENIK PARIKH,** B-7, Shree Siddhi Duplex, nr. Apollo Hospital City Centre, Ambawadi, Ahmedabad - 380006
E-mail : vayvaset@gmail.com

Printed and Published by SHRENIK NAVINCHANDRA PARIKH on behalf of AKHIL BHARTIYA VAYADA PARISHAD ASSOCIATION and printed at Shree Vallabh Printery, 2/B, Ellisbridge Shopping Centre, Behind Ellisbridge Police Station, Opp. Town Hall, Ahmedabad - 380 006 and published from B/7, Shree Siddhi Duplex, Near Apollo Hospital City Centre, Core House, Near Police Quarter, Parimal Garden, Ahmedabad - 380 006. Editor - SHRENIK NAVINCHANDRA PARIKH